
# વિશ્વવિહાર

વર્ષ : 26 * અંક : 9 * જૂન 2024 * કિં. ₹ 15




વિશ્વકોશનું આગામી પ્રકાશન





વિશ્વકોશ લલિતકલાકેન્દ્ર અંતર્ગત 'કવિ અને કવિતા' વિશે વિનોદ જોશીનું વક્તવ્ય
તથા રામ મોરી સાથે સંવાદ




શ્રી કુમાર જયકીર્તિ પ્રેરિત અનેકાંત વ્યાખ્યાનશ્રેણીમાં આયોજિત ક્રાંતદ્રષ્ટા અને યુગપ્રવર્તક
પૂજ્ય આચાર્યોશ્રીઓ વિશે એકદિવસીય પરિસંવાદ અને ગ્રંથવિમોચન

આ ક્યૂ આર કોડ સ્કૅન કરવાથી 'વિશ્વવિહાર'માં અગાઉ પ્રકાશિત થયેલા લેખો સાંભળી શકાશે અને જે તે મહિનાનું 'વિશ્વવિહાર' દર મહિનાની ૧૫મી તારીખે શ્રાવ્ય (ઓડિયો) રૂપે ઉપલબ્ધ થશે.

◆

email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org
છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૦૦/-
લવાજમ : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.
વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેઇટ)
[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

# ગાઝા અને યુક્રેન : માનવતાનું આક્રંદ

યુક્રેનથી ગાઝા પટ્ટીનું અંતર ૧,૮૯૬ કિમી. છે, પરંતુ આજે ગાઝા પટ્ટી અને યુક્રેન - બંને આક્રમણની સમાન યાતનામાંથી પસાર થઈ રહ્યાં છે. ૨૦૨૨ની ૨૪મી ફેબ્રુઆરીથી રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ શરૂ થયું અને યુક્રેન પરનું રશિયાનું આક્રમણ એ આજે બીજા વિશ્વયુદ્ધ પછી યુરોપીય દેશ પરનું સૌથી મોટું આક્રમણ બની રહ્યું છે. એ જ રીતે ૨૦૨૩ની ૭મી ઑક્ટોબરથી ઇઝરાયલે હમાસની આગેવાની હેઠળના પેલેસ્ટાઈન પર આક્રમણ કર્યું છે. દરેક આક્રમણખોરે પોતાની સચ્ચાઈ સિદ્ધ કરવા માટે ચતુરાઈથી આક્રમણ માટેનાં કારણો સામે ધર્યાં છે. ગઈ ૭મી ઑક્ટોબરના રોજ હમાસની આગેવાની હેઠળનાં જૂથોએ ઇઝરાયલ પર અણધાર્યો હુમલો કર્યો અને એમાંથી આ યુદ્ધનો પ્રારંભ થયો. જ્યારે યુક્રેનનું શાસન રશિયન લઘુમતી પર અત્યાચાર ગુજારે છે, એમ કહીને આ આક્રમણનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

ટૅક્નૉલૉજીના વિકાસની સાથોસાથ એમ ધારવામાં આવતું હતું કે ભવિષ્યમાં થનારાં યુદ્ધોનું પરિણામ અદ્યતન શસ્ત્રોને કારણે ચપટી વગાડતામાં આવી જશે, પરંતુ એ વાત યુક્રેન અને ગાઝા પટ્ટી પરનાં આક્રમણે ખોટી સાબિત કરી છે. મહિનાઓ જ નહીં, બલ્કે વર્ષો સુધી યુદ્ધની પરિસ્થિતિની વચ્ચે અસરગ્રસ્ત દેશના લોકો જીવતા હોય છે.

આ યુદ્ધનાં દૃશ્યો લાંબા સમયથી આખું જગત નિહાળી રહ્યું છે. એમાં બૉમ્બવિસ્ફોટને કારણે મૃત્યુ પામેલું બાળક કપડાંમાં વીંટાળેલું હોય અને એની આસપાસ એનાં માતા-પિતા, ભાઈ-બહેન આક્રંદ કરતાં હોય એવાં દૃશ્યો વારંવાર જોવા મળે છે. જમીનદોસ્ત થયેલાં મકાનોની વચ્ચે કોઈ નિ:સહાય બાળક ઘૂમતું હોય કે પછી લોહી નીગળતા બાળકને હાથમાં ઊંચકીને અને સારવાર માટે રઘવાયા થઈને એના પિતા દોડતા હોય એવાં દૃશ્યો પણ જોવા મળે છે. ગાઝા અને યુક્રેનમાં બાળકોની કેવી કફોડી સ્થિતિ છે એ તો આપણે ટેલિવિઝન મારફતે જોઈ શકીએ છીએ, પરંતુ એથીયે વિશેષ આઘાતજનક બાબત એ છે કે આ સશસ્ત્ર સંઘર્ષમાં બાળકોને લક્ષ્ય બનાવવામાં આવ્યાં છે.

શાળાઓ બંધ છે, હૉસ્પિટલો બિસ્માર છે, ચોપાસ ભૂખમરો છે અને શુદ્ધ પાણીનાં પણ ફાંફાં છે. આવે સમયે એક બાજુ બાળકોની હત્યા થતી જોવા મળે છે, બાળકોની આ હત્યાઓ અને વિકલાંગતા એ પ્રત્યક્ષ લક્ષ્યાંક અથવા પરોક્ષ ક્રિયાઓનું પરિણામ હોઈ શકે. ક્યાંક શત્રુતાભર્યો વેરભાવ છે, તો ક્યાંક પ્રજાના પોતીકાઓને હણીને એને હતાશ, નિરાશ ને નિ:સહાય કરવાનો હેતુ છે. સામસામે ગોળીબાર થતા હોય,

ખાણોમાં વિસ્ફોટ થતો હોય, મકાનો તોડી પાડવામાં આવતાં હોય, શત્રુઓની શોધ અને ધરપકડની ઝુંબેશ ચાલતી હોય, ત્યારે પણ બાળકો એના શિકાર બનતાં હોય છે. ક્યાંક નાગરિક અને લશ્કરી ઉદ્દેશો વચ્ચેનો ભેદ ભુલાઈ જાય છે અને સંઘર્ષ કરતા પક્ષો નિશાળો પર, નિવાસો પર કે પછી બાળકોની હૉસ્પિટલ પર અણધાર્યો હુમલો કરતા હોય છે. આંતરરાષ્ટ્રીય કાયદો માનવતાની દુહાઈ આપે છે, પરંતુ આ યુદ્ધમાં એવા કાયદાની કોઈએ તમા કરી નથી.

સશસ્ત્ર જૂથોમાં બાળકોની ભરતી કરીને એનો વિરોધીઓના હુમલાઓમાં ઉપયોગ કરવામાં આવે છે. વળી બળાત્કાર અને અન્ય જાતીય હિંસા પણ બહેકી ગઈ છે. બાળકોનું અપહરણ થાય છે અને એથીય વિશેષ તો એ બાળકોને અન્ય દેશોમાં માનવતાવાદી પ્રવેશ મળે તેનો પણ ઇન્કાર કરવામાં આવે છે. બીજી ઘટના એ જોવા મળે છે કે સશસ્ત્ર દળો અથવા તો સશસ્ત્ર જૂથો બળજબરીથી અને ફરજિયાતપણે બાળકોની ભરતી કરતાં હોય છે. એને સ્વૈચ્છિક ભરતીનું રૂપ આપવામાં આવે છે, પણ એની પાછળ બાળક એમાં સામેલ ન થાય તો ત્રાસ અને દમનનો કોરડો વીંઝવામાં આવે છે. હવે સશસ્ત્ર દળો આ છોકરાઓ અને છોકરીઓનો ઉપયોગ જુદી જુદી રીતે કરતાં હોય છે. ક્યાંક સાધનસામગ્રી લઈ જવા માટે બાળકોનો ઉપયોગ કરાય છે, ક્યાંક

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ગાઝા અને યુક્રેન : માનવતાનું આક્રંદ | ૩ | કુમારપાળ દેસાઈ |
| શ્રી અમર ભટ્ટની કલાસાધનાનું અભિવાદન | ૮ | હિના શુક્લ |
| વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીના વાલીનો ઇન્ટરવ્યૂ | ૧૨ | રતિલાલ બોરીસાગર |
| ભારત અને માલદીવ | ૧૪ | પ્રવીણ ક. લહેરી |
| મૅંગ્રોવનું રક્ષાકવચ | ૧૮ | પ્રીતિ શાહ |
| સિંહગિરિ પર વાદળપરીનો સ્વપ્નલોક | ૨૦ | ભારતી રાણે |
| ધરતી પર સૂર્યનું અવતરણ | ૨૩ | ચિંતન ભટ્ટ |
| ખબર નહીં, હું મારી રીતે ક્યારે જીવી શકીશ ? | ૨૬ | કૃષ્ણકાંત ઉનડકટ |
| કાલા રામ-વ્હાલા રામ | ૨૮ | સુધા ભટ્ટ |
| મોબાઈલ પણ બને છે ‘હીટવેવ’નો શિકાર | ૩૦ | હર્ષ મેસવાણિયા |
| વિશ્વકોશવૃત્ત | ૩૩ | – |




ગાઝા

રસોઈયાઓને મદદ કરવા માટે બાળકોને કામે લગાડાય છે, કોઈને સંદેશવાહકનું કામ સોંપાય છે, તો કોઈનો જાસૂસી કરવા માટે ઉપયોગ થાય છે. મજબૂત બાળક હોય તો તેને સશસ્ત્ર દળમાં સામેલ કરવામાં આવે છે. કેટલાંક જાતીય શોષણનો પણ ભોગ બને છે. આમાં સૌથી ગંભીર બાબત એ છે કે આ સશસ્ત્ર દળોમાંની ચુંગાલમાંથી છોકરીઓ મુક્ત બને એવી શક્યતાઓ ઘણી ઓછી હોય છે. જો કોઈને એમાંથી બહાર નીકળવાની તક મળે, તોપણ એ કલંકિત થવાના ભયથી પોતાના સમુદાયથી સશસ્ત્ર દળો સાથેના પોતાના અનુભવોને છુપાવતી હોય છે.

આ બાળકોના અભ્યાસ પર ગંભીર અસર પડી છે. ગાઝામાં અત્યારે સવા છ લાખ વિદ્યાર્થીઓ શાળાની બહાર છે. એક મિલિયનથી વધુ બાળકોને માનસિક સ્વાસ્થ્ય-સહાયની જરૂર છે તો વળી છ લાખ બાળકો રફાહ શહેરમાં ફસાયેલાં છે, ઇઝરાયલે સર્જેલી નાકાબંધીમાંથી ભાગી જવાનો બીજો કોઈ રસ્તો નથી. ભૂખમરો, રોગચાળો, કુપોષણ ચોતરફ જોવા મળે છે.

ગાઝાનાં બાળકો તો ૨૦૦૫થી છ યુદ્ધોમાંથી પસાર થયાં છે અને યુક્રેનનાં બાળકો ૨૦૧૪થી યુદ્ધની પરિસ્થિતિ વચ્ચે જીવે છે. પરિણામે ક્યાંક આ બાળકો ભયભીત છે, તો કોઈ અતિ ક્રોધિત બની ગયાં છે. કોઈ દીઠી-અદીઠી વેદનાથી સતત આક્રંદ કરે છે. બાળકોની જેમ પુખ્તવયના લોકો પણ આવી માનસિક હાલતમાં જોવા મળે છે. એક હિંસક બૉમ્બધડાકા પછી બાળકે દોરેલા ચિત્રમાં ઘર, બગીચો, હૂંફાળો સૂર્ય અને સ્વચ્છ આકાશ દોર્યું હતું, પણ એમાં પક્ષીઓ દોર્યાં નહોતાં, કારણ કે એ આકાશમાં ઊડતાં પક્ષીઓથી ડરતું હતું, જે આકાશમાંથી મિસાઇલ્સ ત્રાટકે છે !

એક અર્થમાં સોળ વર્ષથી ચાલતી નાકાબંધીને કારણે ગાઝાનાં એકાણું ટકા બાળકો સશસ્ત્ર સંઘર્ષ સંબંધિત આઘાતથી પીડાય છે અને એંસી ટકા જેટલાં બાળકોનું માનસિક આરોગ્ય ચિંતાજનક છે. એવી જ રીતે સામાન્ય રીતે સંઘર્ષના સમયે બાળકોની



યુક્રેન

હૉસ્પિટલો સુરક્ષિત રાખવામાં આવે છે, પરંતુ હવે તો હૉસ્પિટલો પર સતત હુમલા થતા રહે છે અને તેને કારણે પોતાનાં બાળકોને બચાવવા માટે એના પરિવારજનો જાણે અંધકારમાં ફાંફાં મારતા હોય તેમ અહીંતહીં આશરો લેવા દોડતા હોય છે.

આવી પરિસ્થિતિમાં જાતીય હિંસા દ્વારા લોકોને અપમાનિત કરવામાં આવે છે અથવા તો વિરોધીને નાલેશી આપવા માટે એના ઘરમાં બળજબરીથી આવો હુમલો કરવામાં આવે છે. યુદ્ધની યુક્તિ તરીકે આવી લૈંગિક હિંસાનો પ્રયોગ કરવામાં આવે છે, જેમાં બળાત્કાર અથવા અન્ય ગંભીર પ્રકારની હિંસા, જાતીય ગુલામી, બળજબરીથી વેશ્યાવૃત્તિ અથવા બળજબરીથી લગ્ન અથવા ગર્ભાવસ્થાની ઘટનાઓ બને છે. સામાન્ય રીતે બળાત્કાર એ જાતીય હિંસાનું સૌથી પ્રચલિત સ્વરૂપ છે, પરંતુ અહીં એ છોકરીઓને બળજબરીથી લગ્ન કરાવવામાં આવે છે અને ત્યારબાદ જાતીય શોષણના અન્ય વિવિધ પ્રકારો માટે ઉપયોગ કરવામાં આવે છે.

વસ્તીમાં ડર પેદા કરવા માટે, યુદ્ધમાં ભરતી કરવા માટે અથવા તો જાતીય દુર્વ્યવહાર કરવા માટે ક્યાંક અસ્થાયી રૂપે તો ક્યાંક કાયમી ધોરણે બાળકોને નિશાન બનાવવામાં આવે છે. ક્યારેક ઘરમાં જપ્તી કરીને એને ઉઠાવી જવામાં આવે છે. ક્યારેક એના પિતા પર કોઈ શંકાનું આળ મૂકીને એમની ધરપકડ થાય છે, ક્યારેક બળપૂર્વક ઊંચકીને એમને લઈ જવામાં આવે છે અને પછી એ બાળકો પરિવારથી સદાને માટે ગાયબ થઈ જાય છે ! એની પાછળ ક્યારેક બદલો લેવાનું કૃત્ય હોય છે, તો ક્યારેક લોકોમાં ભય જગાડવાનો હેતુ હોય છે. આઘાતજનક હકીકત એ છે કે આવા સશસ્ત્ર સંઘર્ષોમાં વિરોધીઓ સામેના એક મુખ્ય શસ્ત્ર તરીકે બાળકોનાં અપહરણને ઉપયોગમાં લેતા હોય છે.

આ બાળકોની ક્યારેક હત્યા થાય છે, ક્યારેક એને અપંગ બનાવી દેવામાં આવે છે, ક્યારેક જેલમાં ગોંધી રાખવામાં આવે છે અથવા તો મનસ્વી રીતે અટકાયત

કરવામાં આવે છે. સૌથી વધુ ગંભીર પરિસ્થિતિ ત્યારે સર્જાય છે કે જ્યારે આવા સશસ્ત્ર સંઘર્ષ સમયે અસરગ્રસ્ત બાળકોને સહાય કરવા, હૂંફ આપવા કે જરૂરી મદદ આપવા માટે જે સંસ્થાઓ પ્રયાસ કરે છે, તેને અવરોધવામાં આવે છે. નાગરિક વસ્તી સુધી આવતી જીવનજરૂરિયાતની સહાયને એક યા બીજા બહાને અટકાવાય છે. ક્યારેક તો કોઈ ધમકીની વાત કરીને સશસ્ત્ર દળો નાગરિકોને આવી સહાય આપવાનો ઇન્કાર કરે છે.

ગાઝામાં તો હજી પરિસ્થિતિ કપરી છે, પરંતુ યુક્રેનમાં યુરોપિયન યુનિયનના સમર્થન સાથે યુનિસેફ દ્વારા અપાતી સહાય મદદરૂપ બને છે. આ સંસ્થાઓએ રોકડ સહાય આપવાનું શરૂ કર્યું, પરંતુ બન્યું એવું કે એ સમય દરમિયાન ચીજવસ્તુઓના ભાવ એટલા બધા વધી ગયા કે આ રોકડ સહાયમાંથી માંડ માંડ જીવનજરૂરિયાતની થોડી ચીજવસ્તુઓ મેળવી શક્યા.

યુક્રેનની ઇન્ના અને એનાં ચાર બાળકો જે ઍપાર્ટમેન્ટમાં રહેતાં હતાં, ત્યાં બૉમ્બ પડ્યો. ઈન્ના કહે છે, 'અમને સમજાતું નહોતું કે અમે બૉમ્બધડાકામાં જીવતાં રહ્યાં તેનાથી ખુશ થઈએ કે નાશ પામેલી ઇમારતના કારણે આક્રંદ કરીએ. મારી બાજુની બે શાળાઓ એક હૉસ્પિટલ અને પડોશનાં કેટલાંક મકાનો નાશ પામ્યાં છે.' આ બૉમ્બ એનાં બાળકોના બેડરૂમમાં પડ્યો, ત્યારે ઇન્ના ભયભીત બની ગઈ હતી, કારણ કે એની પાસે કારમી ઠંડીના સમયમાં બારીઓ બદલવા અથવા તો ઘરને ઠંડીથી બચાવવા માટે પૈસા નહોતા. આ બૉમ્બવર્ષાના સમયે ઇન્નાએ ક્લીનર તરીકેની નોકરી ગુમાવી. એનું ઘર નાશ પામ્યું. ખાર્કિવમાં એનું એક ઘર હતું તેની સફાઈ માટે એ જવાની હતી, પરંતુ પડોશીએ ફોન કર્યો કે હવે એને સાફ કરવાની જરૂર નથી, કારણ કે બૉમ્બમારાથી એમનું ઘર નાશ પામ્યું છે.

આજે આવાં બાળકોની સુરક્ષા માટે યુનિસેફ પ્રયાસ કરી રહ્યું છે, પરંતુ યુદ્ધમાં જે રીતે બાળકોને નિશાન બનાવી રહ્યાં છે, ત્યારે મહાભારતના દ્રોણપર્વ અંતર્ગત 'અભિમન્યુ વધપર્વ'(અધ્યાય ૫૧, શ્લોક ૧૨)નો એ શ્લોક સ્મરણમાં આવે,

यो हि भोज्ये पुरस्कार्यो यानेषु शयनेषु च ।
भूषणेषु च सोऽस्माभिर्बालो युधि पुरस्कृतः ॥

'હાય, આ સુકુમાર બાળકને ભોજન અને શયન કરવામાં, સવારી પર ચાલવામાં તથા અલંકારો અને વસ્ત્રો પહેરવામાં આગળ રાખવાં જોઈતાં હતાં, પરંતુ અમે લોકોએ એને યુદ્ધમાં આગળ કરી દીધાં.'

અભિમન્યુના વધ પછીના યુધિષ્ઠિરના વિલાપના આ શ્લોકનું સ્મરણ એ માટે થયું કે છેક મહાભારતકાળથી આજ સુધી યુદ્ધમાં શત્રુઓનું નિશાન નિર્દોષ, લાચાર અને મજબૂર બાળકો જ રહ્યાં છે. ખરું ને !

**- કુમારપાળ દેસાઈ**

# શ્રી અમર ભટ્ટની કલાસાધનાનું અભિવાદન

સૂર અને શબ્દનો સથવારો જેમને મા સરસ્વતીની પ્રસાદી રૂપે મળેલ છે તેવા શ્રી અમરભાઈ ભટ્ટનું સન્માન 'પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ'થી થવાનું છે. આપણા સહુ માટે આ આનંદ અને ગૌરવની ઘટના છે.

શ્રી અમર ભટ્ટ એક સફળ વકીલ તો ખરા જ, કિંતુ એ સાથે તેઓ સત્ત્વશીલ સંગીતના ઊંચા ગજાના કલાકાર છે. 'સવ્યસાચી' ઍવૉર્ડને સાર્થક કરનારા તેઓ કવિશ્રી દલપરામની જેમ 'રૂડી ગુજરાતી વાણીરાણીના વકીલ' તરીકે પોતાને ઓળખાવવામાં ગૌરવ અનુભવે છે. અમરભાઈને વકીલાત અને કલાપ્રીતિ વારસામાં મળ્યાં છે. વરિષ્ઠ વકીલ શ્રી નિરંજનભાઈ ભટ્ટ તથા કળાક્ષેત્રે જાણીતી સંસ્થા 'નૂપુર ઝંકાર'નાં સ્થાપક શ્રીમતી શાલિનીબહેન ભટ્ટના તેઓ સુપુત્ર છે.

અસાધારણ શૈક્ષણિક કારકિર્દી ધરાવતા અમરભાઈ બારમાની પરીક્ષામાં બોર્ડમાં પ્રથમ આવ્યા હતા. અમદાવાદની લૉ કૉલેજમાં અભ્યાસ કર્યો અને એ સમયે સુવર્ણચંદ્રક મેળવ્યા બાદ એમણે માસ્ટર ઑફ લૉની પદવી વિશ્વવિખ્યાત કોલંબિયા યુનિવર્સિટીમાંથી પ્રાપ્ત કરી. વકીલાતના વ્યવસાય સાથે તેઓ આ ક્ષેત્રના વિદ્યાર્થીઓને ભણાવવાનું કામ ૧૯૯૦થી કરી રહ્યા છે.

સાહિત્ય અને સંગીતસભર વાતાવરણમાં ઊછરેલા અમરભાઈ કોઈ વ્યાવસાયિક હેતુ વિના કેવળ નિજાનંદ માટે સંગીત અને કાવ્યની પ્રવૃત્તિઓ તરફ આકર્ષાયા હતા. શાસ્ત્રીય સંગીતની પ્રારંભિક તાલીમ તેમણે પંડિત કૃષ્ણકાન્ત પરીખ તથા ઉસ્તાદ ગુલામ અહેમદ ખાન પાસેથી મેળવી. શ્રી રાસબિહારી દેસાઈના તેઓ પ્રિય શિષ્ય રહ્યા છે.

૨૦૦૮માં અમરભાઈનો વિશ્વકોશ સાથેનો સક્રિય નાતો બંધાયો. વિશ્વકોશની વિનંતીને માન આપીને  તેઓએ ચંદ્રકાન્ત શેઠલિખિત વિશ્વકોશ ગાન વેદની ઋચાઓ ગાવામાં ઉપયોગમાં લેવાતા બૈરાગી રાગનો આધાર લઈ સ્વરબદ્ધ કર્યું. એટલું જ નહીં, પણ એમણે પોતાના અવાજમાં ધ્વનિમુદ્રિત પણ કરી આપ્યું. આ બેનમૂન ગીત સંસ્થાકીય ગીતોમાં શ્રેષ્ઠ ગણી શકાય તેવું છે.

પૂ. ધીરુભાઈની પ્રેરણાથી અને મુ. શ્રી કુમારપાળભાઈના પ્રયત્નોથી બીજી જાન્યુઆરી, ૨૦૧૦માં વિશ્વકોશ લલિતકલા કેન્દ્ર અને તેની શાખા કાવ્ય-સંગીત શ્રેણીનો શુભ આરંભ થયો. કોઈક દિવ્ય પળે થયેલા આ મંગળપ્રારંભના સમયથી જ કાવ્યતત્ત્વ અને કલાતત્ત્વ સાથે સમાધાન કર્યા વિના, ઊંચી ગુણવત્તા સાથે કવિના શબ્દને અને કાવ્યના અર્થને વધુ ઊજળા કરી રજૂ કરનારા કલાકાર શ્રી અમરભાઈ



ભટ્ટનાં સાથ અને માર્ગદર્શન મળ્યાં. કાવ્ય-સંગીત શ્રેણીનો પ્રારંભ રમેશ પારેખનાં કાવ્યોથી થયો. ત્યારબાદ આ શ્રેણી અંતર્ગત તેમના લગભગ સિત્તેર જેટલા કાર્યક્રમો થયા. આપણી ભાષાના લગભગ બધા જ ખ્યાતનામ કવિઓનાં કાવ્યોનું ગાન અને પઠન વિશ્વકોશના ખીચોખીચ ભરાયેલા સભાગૃહમાં એમણે પ્રસ્તુત કર્યાં. કાવ્ય-સંગીતને 'Art song' કહેતાં તેઓ કહે છે, 'કવિતાનું સંગીતસભર અર્થઘટન હોઈ શકે એવી મારી શ્રદ્ધાને કાવ્ય-સંગીત શ્રેણીમાંથી સમર્થન મળ્યું.'

વિશ્વકોશના પ્રત્યેક કાર્યક્રમ સમયે તેઓ કવિ અને કવિતાના ઊંડા અભ્યાસ સાથે નવાં સ્વરાંકનો તૈયાર કરે છે. આ વિશે તેઓ કહે છે, 'કંઈક નવી રજૂઆત કરવાની તક મળતી રહે એવા વાતાવરણથી વિશ્વકોશ હંમેશાં સ્પંદિત હોય છે. મને હંમેશાં એવો અનુભવ થયો કે મારાં સ્વરાંકનો વિશ્વકોશમાં પોતાનું હૃદય ખોલે છે.' અમરભાઈના દરેક કાર્યક્રમો અંતરથી સમૃદ્ધ કરનારા રહ્યા છે. થોડાકની યાદ તાજી કરીએ તો મુ. કુંદનિકાબહેનની ઉપસ્થિતિમાં થયેલી સાંઈ મકરન્દ દવેનાં કાવ્યોની યાદગાર પ્રસ્તુતિ. એ પછી 'મરીઝ'ના પુત્રની ઉપસ્થિતિમાં 'મરીઝ'ની ગઝલોનું ગાન. એ કાર્યક્રમ માટે મરીઝના પુત્ર આવ્યા હતા અને મરીઝની હસ્તલિખિત ડાયરી અમરભાઈના સૂચનથી વિશ્વકોશ આર્કાઇવ્ઝ માટે આપી હતી એ એક અવિસ્મરણીય ઘટના ગણાય. અમરભાઈ જેમનો પ્રેમથી 'દાદા ગુરુ' તરીકે ઉલ્લેખ કરે છે તે પૂ. ધીરુભાઈની ઇચ્છાથી તેમણે કવિ શ્રી ન્હાનાલાલનાં કાવ્યોની રજૂઆત ૨૦૧૩ની પહેલી ડિસેમ્બરે કરી. પૂ. શ્રી ધીરુભાઈ ઠાકર સહિત સહુ શ્રોતાજનોએ કાર્યક્રમ માણ્યો અને વખાણ્યો. નિરંજન ભગત વિશેના કાર્યક્રમમાં શ્રી ભગતસાહેબે કાવ્યપઠન કર્યું અને અમરભાઈએ કાવ્યોનું ગાન કર્યું. જાણે કવિના શબ્દ પર સ્વરનો અભિષેક થયો. વિશેષ તો કાવ્યગાનનો આ કાર્યક્રમ ભગતસાહેબને પસંદ પડ્યો હતો.

અમરભાઈ કહે છે, 'કવિના શબ્દનું પોતાનું અંતર્ગત સંગીત હોય છે જ. તેથી ગવાયેલ શબ્દમાં કવિના છપાયેલ કે બોલાયેલ શબ્દ કરતાં કૈંક વિશેષનો ઉમેરો થાય એ જરૂરી છે. આ કૈંક વિશેષની શોધ એ સ્વીકાર તરીકેની મારી શોધ છે.'

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ એના સ્થાપના દિવસને ત્રણ દિવસના 'વિશ્વ સંસ્કૃતિ પર્વ' રૂપે ઊજવે છે. એ પ્રસંગે શ્રી અમરભાઈ ભટ્ટ ગુજરાતીમાં અનૂદિત વિશ્વની અન્ય ભાષાઓની કવિતા ગેય સ્વરૂપે રજૂ કરીને દેશ-વિદેશના કવિઓની કવિતાનો

ભાવકોને અનુભવ કરાવે છે. રોબર્ટ ફ્રોસ્ટ, કેથેલીન રેઈન, રિલ્કે, કૈફી આઝમી, ડેવીડ હાર્કિન્સ, રવીન્દ્રનાથ ટાગોર, અમૃતા પ્રીતમ જેવાં સમર્થ કવિઓનાં કાવ્યો ભાવકો સુધી પહોંચાડવાનું સાતત્યપૂર્ણ કામ તેઓ અદ્યાપિપર્યંત કરે છે. કવિની કવિતાનું આવું આદાનપ્રદાન કવચિત્ જ શ્રોતાઓને સાંભળવા મળે છે. તેમણે પૂરી જ્ઞાન સજ્જતાની સાથે પોતીકી શૈલીમાં કવિ અને કાવ્યોની વિશેષતાઓ બતાવી કવિતાનાં ઊંડાણો અને ઊંચાઈઓનો ભાવકોને અનુભવ અને આસ્વાદ કરાવ્યો છે. આ સાથે તેઓ સમાંતર ભાવ વ્યક્ત કરતા જુદા જુદા કવિઓ અને કાવ્યોના સંદર્ભો આપી રજૂઆત કરે છે. ઘણું બધું તેમની સ્મૃતિમાં સંઘરાયેલું હોય છે. કાવ્યપઠન પણ કાવ્યગાન જેટલું જ રસપ્રદ બની રહે છે. તેઓની આવી પ્રસ્તુતિઓ ઉચ્ચકક્ષાના ચિત્તરંજનની સાથે હૃદયરંજન પણ કરે છે. અમરભાઈની નિસબત સાચું સંગીત પીરસવાની સાથે કાવ્યના ભાવ સુધી પહોંચીને એ ભાવ ભાવક સુધી પહોંચે તેની રહી છે. તેઓ કહે છે, 'મારી પ્રસ્તુતિઓ સાંભળીને શ્રોતાઓને ફરી ફરી કાવ્યો સાંભળવાનું, વાંચવાનું મન થાય તેવું થવું જોઈએ.' તેમની રજૂઆતોનું શૈક્ષણિક મૂલ્ય પણ છે. વિશ્વકોશના મુખપત્ર 'વિશ્વવિહાર' માટે તેમણે 'કાનનો રિયાઝ' નામથી ૧૨ લેખોની એક લેખમાળા પણ લખી છે. તેઓએ 'બુદ્ધિપ્રકાશ', 'સ્વરસેતુ' માટે પણ લેખમાળાઓ લખી છે. ગુજરાત હાઈકોર્ટ દ્વારા પ્રકાશિત 'જનસમસ્ત અને કાયદો' નામે અનુવાદિત કાયદાકીય પુસ્તકના તેઓ સંપાદક પણ છે, જેમાં રોજબરોજની જિંદગીમાં કામ આવે એવા ૩૫ જેટલા કાયદાઓની સરળ સમજૂતી છે.

અમરભાઈનો માતૃભાષા પ્રેમ અને તેમના વકીલ તરીકેના પાસાનો એક ઉલ્લેખ અહીં કરું છું. ગુજરાતમાંની, ગમે તે માધ્યમની, ગમે તે બોર્ડ સાથે જોડાણ ધરાવતી શાળાઓમાં પ્રાથમિક શિક્ષણ સુધી ગુજરાતી વિષય તરીકે ફરજિયાત ભણાવાય તે માટે PILમાં વકીલ તરીકેની સક્રિય રજૂઆતો તેમણે કરી હતી. 'માતૃભાષા જશે તો સંસ્કૃતિ જશે' તે ઉમદા વિચાર સાથે આ અંગે વિધાનસભા કાયદો પસાર કરે તેવા પ્રયત્નોમાં તેઓ સહભાગી થયા. ૨૦૨૩માં 'રૂડી ગુજરાતી વાણીરાણીના વકીલ' અમરભાઈ તથા અન્ય મિત્રોને સફળતા મળી અને કાયદો થયો.

સંગીત અને સાહિત્યના ઉપાસક અમરભાઈને ૨૦૧૪માં 'અનુષ્ઠાન કાવ્ય-સંગીત પર્વ'માં પૂ. મોરારીબાપુના હસ્તે 'રાસબિહારી સન્માન' પ્રાપ્ત થયું છે. ૨૦૧૫માં વડોદરામાં 'ત્રિવેણી' સન્માનથી તેઓ સન્માનિત થયા છે.

અમરભાઈનાં પત્ની વિરાજબહેન હિંદુસ્તાની કંઠ્ય શાસ્ત્રીય સંગીતમાં જાણીતું નામ છે. બંને દ્વારા સ્થાપિત અગસ્ત્ય ફાઉન્ડેશનના ઉપક્રમે ૨૦૦૯થી વિશ્વકોશમાં દર વર્ષે શાસ્ત્રીય સંગીતના ટોચના કલાકારો દ્વારા સંગીત પ્રસ્તુત થાય છે. સંગીતપ્રેમીઓ માટે આ એક લહાવો બને છે. આ ફાઉન્ડેશન દ્વારા શ્રી અમરભાઈ ભટ્ટનાં સ્વરાંકનોનાં ૧૫ આલબમો પ્રગટ થયાં છે. ભાવકને ભીતરથી અજવાળનારાં આ આલબમો છે. જેમાંનાં કેટલાંકનું અનાવરણ વિશ્વકોશમાં થયેલું છે.

અમરભાઈનાં માતાપિતા શ્રી નિરંજનભાઈ અને શાલિનીબહેન, જેઓ વિશ્વકોશમાં યોજાતા અમરભાઈના દરેક કાર્યક્રમમાં અચૂક હાજર રહેતાં – તેની સ્મૃતિ મારા ચિત્તમાં અકબંધ છે. શાંત, સૌમ્ય, ગરિમાપૂર્ણ વ્યક્તિત્વવાળાં બંનેને પ્રિય પુત્ર માટે સ્વાભાવિક રીતે જ ઘણું ગૌરવ. અમરભાઈ કહે છે, 'વિશ્વકોશ એ મારા જેવા નિજાનંદી કલાકાર માટે કલાની ઉપાસના અને પ્રયોગો કરવાનું ઘર છે. એવી મહેફિલનું સ્થળ છે જ્યાં સામેથી કલાની રજૂઆત કરવાનું મન થાય અને શ્રેષ્ઠતમ પ્રસ્તુતિ કરવાની પ્રેરણા મળે.'

જેઓએ સામાની ફરમાઇશ પ્રમાણે નહીં પણ માત્ર અંતરના ઈમાનને સાંભળીને સ્વરબદ્ધ કર્યું છે, ગાયું છે, રજૂ કર્યું છે આવા આ સત્ત્વશીલ નિજાનંદી કલાકારને એમની કર્તવ્યનિષ્ઠા, કાવ્યસાધના અને જીવનસાધનાને પોંખતાં વિશ્વભરમાં ફેલાયેલા એમના કાવ્યસંગીતના ચાહકોને અપાર આનંદનો અનુભવ થશે. વિશ્વકોશ આ કલાસાધકને 'પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ' અર્પણ કરીને અંતરના આનંદ સાથે ધન્યતાનો ભાવ અનુભવે છે.

**- હિના શુક્લ**

## વાચકમિત્રોને ખાસ વિનંતી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સામયિક 'વિશ્વવિહાર'માં આવતી પ્રમાણભૂત અને વૈવિધ્યસભર લેખસામગ્રીથી આપ પરિચિત છો. આપને ઘણા લાંબા સમયથી 'વિશ્વવિહાર' મોકલવામાં આવે છે. આપનું લવાજમ પૂરું થઈ ગયું હોય તોપણ કદાચ આપને 'વિશ્વવિહાર' મળતું હશે. સાહિત્ય, કલા, સંસ્કૃતિ, રાજકારણ, પ્રવાસ, રમતગમત, શિક્ષણ, ટૅક્નૉલૉજી, હાસ્યલેખ અને પ્રેરક ચરિત્રો જેવા વિષયોની કેટલીય સામગ્રી અમે 'વિશ્વવિહાર'માં આપીએ છીએ. વળી ગુજરાતના આ સાંસ્કૃતિક કેન્દ્રમાં ચાલતી અને હવે પછી થનારી પ્રવૃત્તિઓની વિગતો પણ આ સામયિકમાંથી મળી રહે છે. આથી કદાચ તમારું લવાજમ પૂરું થઈ ગયું હોય તો વહેલી તકે લવાજમ મોકલી આપશો.

'વિશ્વવિહાર'નું **વાર્ષિક લવાજમ ૧૫૦ રૂ.** અને **ત્રણ વર્ષનું લવાજમ ૪૦૦ રૂ.** છે. આપ મનીઑર્ડરથી અથવા **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામે ડ્રાફ્ટ કે ચેકથી મોકલી શકશો. આપના ઉમદા સહયોગની અમે આશા સેવીએ છીએ.

### બૅંકની વિગત

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481

Bank Name : Bank Of Baroda, Usmanpura Branch

IFS Code : BARB0USMANP (5th Character is Zero)

લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઇલ (vishvakoshad1@gmail.com), વૉટ્સએપ (9898042699) તથા પત્ર દ્વારા અચૂક જાણ કરવી.

# વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીના વાલીનો ઇન્ટરવ્યૂ

પત્રકાર : નમસ્તે ! ગઈ કાલે ધોરણ ૧૨ના વિજ્ઞાનપ્રવાહનું પરિણામ આવ્યું ત્યારે જ મેં આપને ફોન કરેલો. પણ આપના પુત્રને છન્નું ટકા માર્ક્સ આવશે એમ આપે ધારેલું, પણ છપ્પન ટકા માર્ક્સ આવ્યા એના આઘાતમાં આપ ગઈ કાલે ઇન્ટરવ્યૂ આપવા જેટલા સ્વસ્થ નહોતા એટલે આપણે આજે મળીએ છીએ.

વાલી : સ્વસ્થ તો હું આજે પણ નથી, છતાં પ્રૉમિસ કર્યું છે એટલે વાત કરીએ.

પત્રકાર : આપના પુત્રને છન્નું ટકા માર્ક્સ આવશે એવી અપેક્ષા આપે શા આધારે રાખી હતી ?

વાલી : એને મારે આઇ.ટી.ના ઊંચામાં ઊંચા કોર્સમાં દાખલ કરવો હતો - એને અમેરિકા મોકલવાની ગોઠવણ પણ હું કરી રહ્યો હતો એટલે એના ટ્યૂશનના સાહેબને પૂછીને મેં છન્નું ટકાનું નક્કી કરી રાખેલું.

પત્રકાર : દસમા ધોરણમાં એના કેટલા માર્ક્સ આવેલા ?

વાલી : સિત્તેર ટકા.

પત્રકાર : તો પછી બારમામાં છન્નું ટકા માર્ક્સ આવશે એવું આપે શા પરથી માની લીધેલું ?

વાલી : દસમા કરતાં ત્રણગણી મહેનત કરેલી.

પત્રકાર : તમારા પુત્રે ?

વાલી : એણે બનતી મહેનત કરેલી, પણ અમે ન બનતી મહેનત પણ કરેલી. મેં ત્રણ મહિના સુધી ધંધો માણસો પર છોડ્યો. છૂટક કામવાળો તો હતો જ, પણ છેલ્લા ત્રણ મહિના ચોવીસ કલાકના બે કામવાળા રાખ્યા. એક કામવાળો તો ભાઈની પાસે ને પાસે. જે મંગાવે તે લાવી આપે, કહે ત્યારે ચા બનાવી આપે. ભાઈને વાંચતાં વાંચતાં ઝોકું આવી જાય તો જગાડે. બેય ટાઈમનો રસોઈયો પણ રાખી લીધેલો. એટલે હું અને મારાં વાઈફ ખડે પગે ભાઈની સેવામાં. બહાર જવાનું સાવ જ બંધ ! સગાંઓને અને મિત્રોને કાગળ લખી દીધેલા - અનિવાર્ય કામ સિવાય ફોન ન કરવો, આવવું નહિ એવી વિનંતી કરી દીધેલી. ટીવી માળિયે ચડાવી દીધું હતું.

પત્રકાર : તમારા પુત્રે કેવી મહેનત કરેલી ?

વાલી : એય બિચારો અર્ધો થઈ ગયો મહેનત કરીકરીને. જોકે એ કચવાટ બહુ કરતો હતો. મૅથ્સમાં આ નથી ફાવતું ને તે નથી સમજાતું. ક્યારેક તો રડી પડતો'તો. સ્પેશિયલ ટ્યૂશનો રખાવેલાં; પાંચ દિવસ ટ્યૂશન ને બે દિવસ કોચિંગ ક્લાસ - કોચિંગ ક્લાસ એટલે સવારના સાતથી રાતના આઠ સુધી. ટિફિન ક્લાસ પર પહોંચાડવાનું.

પત્રકાર : સ્પેશિયલ ટ્યૂશન એટલે ?

વાલી : દરેક વિષયના ખેરખાં સાહેબોનાં ટ્યૂશન રાખેલાં ડબલ ચાર્જથી. આકરું ઘણું પડ્યું, પણ શું થાય, કાકા કહીને ડબલ ચાર્જ ભર્યો.

પત્રકાર : તમારા દીકરાની સંમતિ લઈને આઇ.ટી.ના કોર્સનું નક્કી કર્યું હતું ?

વાલી : એમાં એની સંમતિ શું લેવાની ? પરણાવવામાં હવે છોકરા-છોકરીઓની સંમતિ લેવાની વાત આવી છે તે કશો ભલી વાર હોય છે આજનાં લગ્નોમાં ? મા-બાપથી વધુ છોકરાનું ભલું કોણ ઇચ્છવાનું હતું ?

પત્રકાર : છતાં તમારા પુત્રની ઈચ્છા જાણી હતી ખરી ?

વાલી : જાણી'તી ને ! એને તો સામાન્ય પ્રવાહમાં ભણીને આર્ટ્સ લાઇન લેવી'તી ને પછી અંગ્રેજીના પ્રોફેસર થવું હતું.

પત્રકાર : તો પછી તમે એની વાત માન્ય કેમ ન રાખી ?

વાલી : વેપારીનો દીકરો માસ્તર થાય ?

પત્રકાર : કેમ ? એમાં શો વાંધો ?

વાલી : માસ્તરેય સાયન્સ કે કૉમર્સનો થાય તો તો સમજ્યા; પગાર કરતાં પાંચગણું ટ્યૂશનમાં પાડી લે. બાર સાયન્સ ને કૉમર્સના ટ્યૂશન ક્લાસનો બિઝનેસેય સાલો ધૂમ ચાલે છે. સાચું કહું ? મંદીના આ જમાનામાં મને ટ્યૂશન ક્લાસનો બિઝનેસ કરનારાની બહુ ઈર્ષા આવે છે. સાલું એમને ક્યારેય મંદીનો ટાઇમ આવવાનો જ નહિ.

પત્રકાર : આર્ટ્સના પ્રોફેસર થવાની તમારા પુત્રની ઈચ્છા પાછળ પણ કંઈક કારણ તો હશે ને ?

વાલી : અરે એ તો નવમા ધોરણમાં હતો ત્યારે કવિતા-વાર્તા લખવાને રવાડે ચડી ગ્યો'તો. ગુજરાતીના શિક્ષક પાસે રોજ શીખવા જતો'તો - પૂછ્યું, શું શીખવા જાય છે ? તો કહે, છંદ શીખવા જાઉં છું. છંદના કુછંદે ચડી ગ્યો'તો, બોલો ! છોકરો માસ્તર થાય તે તો હજુય ઠીક, પણ કવિ થયો તો તો હાથથી ગયો એમ જ સમજવાનું ને ?

પત્રકાર : તમે તમારા દીકરા માટે આઇ.ટી.નો કોર્સ નક્કી કર્યો એની પાછળ તમારી શી દૃષ્ટિ હતી ?

વાલી : દૃષ્ટિ એટલે ?

પત્રકાર : એટલે કે આઇ.ટી.નું નક્કી કરવા પાછળ તમારો હેતુ શો હતો ?

વાલી : હેતુ-બેતુ તો શું મારા ભાઈ ! સાચું પૂછો તો આઇ.ટી. વિશે હું ખાસ જાણતો પણ નથી. એ દસમા ધોરણમાં આવ્યો ત્યારે તો અમે એને ડૉક્ટર બનાવવાનું નક્કી કર્યું હતું,પણ શું છે કે ડૉક્ટરના ધંધામાં આજકાલ કૉમ્પિટિશન બહુ છે. રોકણ બહુ ને વળતર ઓછું, એટલે દસમા પછી એને એન્જિનિયર બનાવવાનું નક્કી કર્યું હતું, પણ ગઈ સાલ મારી સાળીનો છોકરો પંચાણું ટકા માર્ક્સ સાથે પાસ થયો ને આઇ.ટી.નું ભણવા અમેરિકા ગયો. એકવીસમી સદી આઇ.ટી.ની છે એમ બધાં કહે છે. એટલે આપણને એમ થયું કે એકનો એક છોકરો છે; પાસે બે પૈસા છે તો છોકરાને ઊંચામાં ઊંચું ભણાવવું !

પત્રકાર : હવે શું કરવાનો ખ્યાલ છે ?

વાલી : હવે કશું થઈ શકે એમ ક્યાં છે ? સામાન્ય પ્રવાહમાં હોત તો એની ઇચ્છા વિરુદ્ધ, ભલે સમજાવી પટાવીને સી.એ.નું કરાવત. એમ.બી.એ.નું કરાવત. પણ હવે તો નાછૂટકે બી.એસસી. કરાવવું પડશે ને. પછી કદાચ માસ્તર જ થશે !

પત્રકાર : ઠીક ત્યારે હું રજા લઉં !

વાલી : આવજો !

**- રતિલાલ બોરીસાગર**

# ભારત અને માલદીવ

આંતરરાષ્ટ્રીય રાજકારણમાં પારાવાર વિચિત્રતા અને વિસંવાદિતાઓ રહેલી છે. બે રાષ્ટ્રોના સંબંધોમાં પરિવર્તન થતું રહે પણ જ્યારે આ બે દેશો વચ્ચે અસાધારણ કટુતાનું નિર્માણ થાય ત્યારે તેનાં કારણોનું વિશ્લેષણ રસપ્રદ બને છે. ભારતની જમીનની સરહદો ચીન, મ્યાનમાર, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, નેપાળ, ભુતાન સાથે જોડાયેલી છે. સમુદ્રમાં પાડોશી તરીકે શ્રીલંકા સાવ નજીક છે. શ્રીલંકા અને ભારતના અગ્નિખૂણે ૭૫૦ કિલોમીટર દૂર હિંદ મહાસાગરમાં આવેલ ૨૬ દ્વીપસમૂહોનો પ્રદેશ તેની રાજધાની માલેના ઉપરથી 'માલદીવ' તરીકે ઓળખાય છે. વિષુવવૃત્તની નજીકનો આ દેશ આમ તો ઊંચું તાપમાન ધરાવે છે, પરંતુ દરિયાથી ઘેરાયેલો ટાપુઓનો સમૂહ પ્રવાસન માટે વિશ્વમાં આગવી નામના ધરાવે છે. ૨૬ જુલાઈ, ૧૯૬૫માં ગ્રેટ બ્રિટનની ગુલામીમાંથી સ્વતંત્ર થનારા આ ટચૂકડા દેશનું ક્ષેત્રફળ માત્ર ૨૯૮ ચો.કિમી.નું છે. ૨૦૨૨ની વસ્તીગણતરી પ્રમાણે વસ્તી ૫,૧૫,૧૩૨ લોકોની છે. વિસ્તાર ખૂબ ઓછો હોવાથી વસ્તીની ગીચતા ગણીએ તો ત્યાં પ્રતિ ચો.કિમી.માં ૧૭૨૮ લોકો રહે છે. આ અતિ નાના ગણી શકાય તે દેશની કુલ રાષ્ટ્રીય આવક ૧૧.૯૭ અબજ યુ.એસ. ડૉલરની છે. માથાદીઠ આવક યુ.એસ. ડૉલર ૧૯,૫૫૮ની છે. આટલી સમૃદ્ધિ વચ્ચે અણઘડ જાહેર વહીવટને કારણે સરકાર દેવાદાર બની છે. ચીન પાસેથી વિકાસલક્ષી પ્રોજેક્ટો માટે જે લોન લીધી છે, તે માલદીવની સલામતી માટે ભવિષ્યમાં ખતરારૂપ બને તો નવાઈ નહીં.

ઈ. સ. પૂર્વે ચોથી શતાબ્દીમાં અહીં સામ્રાજ્ય હોવાના ઉલ્લેખો મળે છે. ઈ. સ. ૯૪૭થી આરબ વેપારીઓની મુલાકાતથી માલદીવનો સંપર્ક વિશ્વ સાથે વિકસ્યો છે. આરબોના પ્રભાવ હેઠળ દેશમાં ૯૮ ટકા વસ્તી ઇસ્લામ ધર્મ પાળે છે. પ્રાચીન સમયમાં સંસ્કૃતમાં 'દ્વીપમાળા' તરીકે વર્ણવાયેલા આ પ્રદેશનું નામ માલદીવ થયું હશે તેમ જણાય છે. કુલ ૧૧૯૨ પરવાળાના (coral) ટાપુઓ ૨૬ સમૂહોમાં આવેલા છે. વહીવટી અનુકૂળતા ખાતર ત્યાંની સરકારે આ ખૂબ છૂટાછવાયા વિસ્તારને ૨૧ જિલ્લામાં વહેંચ્યો છે. માલદીવના લાંબામાં લાંબા રસ્તાની લંબાઈ ૧૪ કિમી.ની છે. વૈશ્વિક તાપમાનમાં હવે થોડો વધારો થાય તો સમુદ્રની જળસપાટીથી માત્ર ૧.૫ મીટર કે તેથી ઓછી ઊંચાઈના અનેક ટાપુઓ ક્યારે સમુદ્રમાં ગરકાવ થઈ જાય તે નક્કી નથી.

ભારત અને માલદીવની સરખામણી કરવી એટલે હાથી અને મચ્છર વચ્ચેના તફાવતો સમજાવવા જેટલું કઠિન કાર્ય છે. ક્યાં માલદીવનો ૨૯૮ ચો.કિમી.નો પ્રદેશ અને ક્યાં ભારતનો ૩૨,૮૭,૨૬૩ ચો.કિમી.નો વિસ્તાર ! ક્યાં માલદીવની પાંચ

લાખ જેટલી વસ્તી અને ક્યાં વિશ્વમાં સૌથી વધારે ૧૪૩ કરોડ વસ્તી ધરાવતું ભારત ! જોકે ભારતની વસ્તીની ગીચતા પ્રતિ કિમી. ૪૨૫ લોકોની છે તે સામે માલદીવમાં પ્રતિ ચો.કિમી.માં ૧૭૨૮ લોકો રહે છે. ભારતની માથાદીઠ આવકની સરખામણીમાં માલદીવની માથાદીઠ આવક ઘણી વધારે છે. આવી અસમાન સ્થિતિ વચ્ચે ભારત-માલદીવના સંબંધો ૧૯૬૫થી ૨૦૨૦ સુધી - ૫૫ વર્ષ સુધી સમધારણ રહ્યા હતા. ભારતના નૌકાદળ અને ભૂમિદળોની પ્રતીકાત્મક હાજરીથી અકળાયેલા, કટ્ટરવાદી ધર્માંધ અને ચીનના ચડાવેલા રાજનેતા મોહમ્મદ મુઇઝુ અને તેના પક્ષે ભારત વિરોધી ઝુંબેશ ચલાવીને પ્રમુખપદે આરૂઢ થયા ત્યારથી માલદીવના ત્રણ મંત્રીઓએ ભારત સામે ઘણો અપપ્રચાર કર્યો અને આપણા લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને 'જોકર', 'ત્રાસવાદી', 'ઇઝરાયલની કઠપૂતળી' જેવા વાંધાજનક શબ્દો કહ્યા. ભારત સરકારે આવાં બિનજવાબદાર વિધાનો સામે લાલ આંખ કરતાં ત્રણે મંત્રીઓને રાજીનામાં આપવાં પડ્યાં. જોકે પ્રમુખ મોહમ્મદ મુઇઝુએ ચીનની મુલાકાત લઈ ચીનનો ટેકો મેળવ્યો. ભારતના સૈનિકોને ૧૦ મે, ૨૦૨૪ પહેલાં ભારત બોલાવી લેવાનું કહ્યું. ભારતે માલદીવની સાર્વભૌમતાનું સન્માન સાચવી પોતાના સૈનિકોને પરત બોલાવી લીધા છે. તાજેતરમાં બંને દેશોના વિદેશમંત્રીઓ વચ્ચે બેઠક યોજાય છે. સંભવ છે કે માલદીવના પ્રમુખ મોહમ્મદ મુઇઝુ ભારતમાં નવી સરકારની રચના બાદ દિલ્હીની મુલાકાતે આવે.

ભારતની લાંબા ગાળાની સલામતી માટે હિંદ મહાસાગરમાં માલદીવના ભૌગોલિક સ્થાનને કારણે એ આગવું મહત્ત્વ ધરાવે છે. ભારતે રચેલા પાડોશી દેશોના સંગઠન 'સાર્ક'નું માલદીવ સભ્ય છે, માલદીવના અર્થતંત્રમાં પ્રવાસનનો સિંહફાળો છે. બંને દેશોના સંબંધોમાં કડવાશ આવી ત્યારે ભારત માટે વિશાળકાય હાથીના કાન પાસે ગણગણતા મચ્છર અને તે કાનમાં ન પેસે તેની કાળજી કરવાની સમસ્યા પેદા થઈ. ભારતના વડાપ્રધાને એક દિવસ લક્ષદ્વીપ - જે ભારતના ટાપુઓ છે તેની મુલાકાત લઈ તેની પ્રવાસન ક્ષમતા ઉજાગર કરી, ત્યારે અનેક ભારતીયોએ માલદીવમાં કરેલાં બુકિંગ કૅન્સલ કર્યાં. માલદીવમાં પ્રવાસન પર આધારિત સૌ કોઈ હચમચી ગયા. માલદીવ સરકારે દંભ સાથે ભારત સાથે અમારે કોઈ દુશ્મનાવટ નથી એમ કહ્યું. ભારતીય પ્રવાસીઓ માટે માલદીવ સૌથી આકર્ષક અને અનુકૂળ સ્થળ છે. ભારતની ઘણી જાણીતી હસ્તીઓ વારંવાર માલદીવમાં વૅકેશન માણે છે. ભારતીયોનું માલદીવમાં સ્વાગત છે તેવો રાગ આલાપવાની શરૂઆત કરી. જોકે પ્રમુખ મોહમ્મદ મુઇઝુએ ભારતીયો ન આવે તો ચીની લોકો આવશે તેવું વિધાન કરી બળતામાં ઘી હોમ્યું. મન, મોતી ને કાચ ભાંગ્યે સંધાય નહીં જેવો ઘાટ ભારત-માલદીવના સંબંધોમાં થયો છે. ચીનની નીતિ એ છે કે ભારતને તેમના પાડોશીઓથી વિમુખ કરી ભારતને દુશ્મની ધરાવતા દેશોથી ઘેરાયેલું રાખવું. ભારત જેવા વિશાળ દેશ માટે ચીન સિવાય સમાનતાના ધોરણે સરખામણી કરી શકાય તેવો દેશ નથી. અલબત્ત નાનો કે મોટો પાડોશી ખૂબ મહત્ત્વનો છે. આપણે મિત્રો પસંદ કરી શકીએ છીએ પણ 'પાડોશીઓ'

તો ઈશ્વરે આપેલી ભેટ કે સમસ્યા છે. મોદી સરકારની નીતિ 'પાડોશી સાથે મિત્રતાને અગ્રતા' આપવાની રહી છે. ભારતની ઉદાર સહાય હોય કે તેમના નાગરિકોને અપાતી સવલતો, પાડોશી દેશોમાંથી ભાગ્યે જ કોઈએ વફાદારી અને આદર સાથે મિત્રતા નિભાવી છે.

વિશ્વની ૮ અબજની અને ભારતની ૧.૪૫ અબજની વસ્તીમાં માત્ર પાંચ લાખથી થોડા વધારે લોકોની સંખ્યાવાળા ૩૦૦ ચો.કિમી.ના દેશની સાથેના સંબંધમાં ભારતે કશો રઘવાટ અનુભવવાની જરૂર નથી. વ્યૂહાત્મક રીતે ચીનને કેમ ત્યાંથી દૂર રાખવું અને માલદીવ પર અંકુશ ન કરવા દેવો તે માટે આર્થિક, રાજકીય અને ખાસ કરીને પ્રવાસનક્ષેત્રે ભારતની ગરજ માલદીવને રહે તેવી નીતિ અપનાવવી જરૂરી બની છે. ચીનની જાસૂસી, અઢળક નાણું, સરમુખત્યારશાહી અને લુચ્ચાઈને ધ્યાનમાં રાખીને આપણી જાસૂસી અને સલામતી સંસ્થાઓએ માલદીવમાં ભારત તરફી વાતાવરણના નિર્માણ માટે ચોક્કસ આયોજન અને અસરકારક વ્યૂહરચના તૈયાર કરવી જોઈએ. કદાચ આવી કોઈ વ્યૂહરચના અમલી હશે.

સૌથી પ્રથમ માલદીવ અંગે નીચેની પાંચ બાબતો ધ્યાનમાં રાખી ભવિષ્ય માટે અભિગમ નક્કી કરવો જોઈએ :

૧. માલદીવના વિરોધમાં પાયાની બાબત એ છે કે માલદીવનું બંધારણ ધર્માંધિતાને આધારે બનેલું છે. સાઉદી અરેબિયાની નકલ કરી અનેક ભ્રામક માન્યતાઓ હાલના પ્રમુખ મોહમ્મદ મુઈઝુ અને તેના સમર્થકોમાં છે. આવા રૂઢિચુસ્ત અને ઉગ્ર ઈસ્લામના અનુયાયીઓ ચીનના પડખામાં ભરાય છે, ત્યારે તેને અહેસાસ કરાવવાનો છે કે ચીન મુસ્લિમોને તેનો ધર્મ પોતાના દેશમાં પાળવા દેતું નથી. યુનાઈટેડ આરબ એમિરેટના શેખોની મદદ લઈને માલદીવમાં કટ્ટરવાદ ઘટે તે માટે વિશેષ પ્રયત્નો કરવા જોઈશે. ઈસ્લામમાં મદ્યપાન હરામ છે, પણ પ્રવાસન દ્વારા કમાણી કરવા માટે તમામ હોટેલ-રિસોર્ટને દારૂબંધીમાંથી મુક્તિ આપવામાં આવી છે. અગાઉ ભારતમાં રહીને વિદેશી નાણાંના જોરે કટ્ટર ઈસ્લામ - 'કાફિરોને જુઓ ત્યાં તેની કતલ કરો' જેવા કુરાનના અર્થઘટન સાથે કોમી ઝેર ફેલાવતો ઝાકીર નાઈક હાલ સજાથી બચવા મલેશિયામાં આશ્રય લઈ રહ્યો છે. માલદીવના રાજકીય આગેવાનોને ઉગ્રવાદ તરફ ધકેલવામાં ઝાકીર નાઈક કે તેના જેવા કોઈ ધર્મપ્રચારકનું કારસ્તાન હોવાની પૂરેપૂરી સંભાવના છે. ઈસ્લામિક દેશોમાંથી કટ્ટરવાદ ઓછો કરવો તે અત્યંત કઠિન કાર્ય છે, પરંતુ હવે થોડા ઈસ્લામિક દેશોએ સહિષ્ણુતા અપનાવી છે.

૨. બીજો મુદ્દો સૌથી મહત્ત્વનો છે. આજથી ૨૦-૨૫ વર્ષમાં સમુદ્રની સપાટીમાં વૈશ્વિક તાપમાન વધતાં રાજધાની માલે સહિત માલદીવનો મોટા ભાગનો વિસ્તાર પાણીમાં ગરકાવ થઈ જશે. માલદીવ સરકાર હિંદ મહાસાગરમાં થોડી વિશેષ ઊંચાઈ ધરાવતા ટાપુઓ પુનર્વસવાટ માટે ખરીદ કરવા ઈચ્છે છે. આ માટે માલદીવે પોતાની આર્થિક સધ્ધરતા વધારવી અનિવાર્ય છે. ભારતના સહયોગ વિના માલદીવ માટે આર્થિક સમસ્યાઓ પેદા થશે તે નિશ્ચિત છે. ત્યાંના લોકોને તેનાં સુખ-સમૃદ્ધિ,


સ્વતંત્રતા અને વિકાસ માટે ભારતનો સહકાર જરૂરી છે. શિક્ષણ દ્વારા અને ત્યાંથી પ્રવાસીઓ આકર્ષીને ભારતની સિદ્ધિઓથી તેમને વાકેફ કરવાથી સ્થિતિમાં ફરક પડશે.

૩. માલદીવ ભારતના સંબંધોમાં ત્રીજી મુશ્કેલી ચીનનો ચંચુપાત છે. ચીનની ભારતદ્વેષી નીતિઓ નજીકના ભવિષ્યમાં ઓછી થાય તેવાં કોઈ ચિહ્નો નથી. હાલમાં તો ચીન અને અમેરિકા બંને ભારત વિરોધી કાર્યવાહી કરતાં રહે છે. કેનેડા, ઇંગ્લૅન્ડ, જર્મની અને અન્ય યુરોપિયન દેશો પણ ભારત પ્રત્યે ઈર્ષ્યાથી જુએ છે. આ સંદર્ભમાં આપણે એ સમજવું રહ્યું કે વિશ્વની અન્ય શક્તિશાળી સત્તાઓ ભારત અને ચીનના નિતનવા પ્રશ્નો પેદા કરતી રહેશે. આવા પેચીદા પ્રશ્નોનો મક્કમ પ્રતિકાર આપણા ભવિષ્યને સુરક્ષિત રાખવા જરૂરી છે. ભારત-માલદીવના સંબંધોમાં જે જે કારણોસર અવિશ્વાસ પેદા થયો છે તેનું નિરાકરણ કરી સંબંધોમાં ભલે ક્રમશઃ પણ ટકાઉ સુધારો થાય તેવાં પગલાંઓ લેવાં આવશ્યક છે. ભારત પર અનેક બાબતોમાં આધારિત માલદીવને અળગો કરવાથી સંબંધો સુધારવાની શક્યતા સાકાર થઈ શકશે નહીં.

૪. અંતિમ મુદ્દામાં માલદીવનો પ્રશ્ન થોડા વ્યવસ્થિત પ્રયત્નોથી ઉકેલી શકાશે. ઈસ્લામના કટ્ટરવાદ અને ચીનની ખંધી ચાલ સામે ભારતે મક્કમ રહીને પણ સાથે સાથે શુભભાવના રાખી માલદીવના પાંચ લાખ લોકોનો વિશ્વાસ સંપાદન કરવાનો છે. ૧૪૩ કરોડની ભારતીય પ્રજા માટે આ કાર્ય સરળ છે.

**- પ્રવીણ ક. લહેરી**


---



છેલ્લાં ૩૩ વર્ષથી દેશ અને વિદેશના સર્જકોની સાહિત્યકૃતિ પ્રગટ કરનારું અને ગુજરાતીભાષી પ્રજાની વૈશ્વિક ચાહના મેળવનારું શિષ્ટ અને સંસ્કારી સાહિત્યનું ત્રૈમાસિક.

**ગુર્જરી ડાયજેસ્ટ**

**ત્રણ વર્ષનું લવાજમ : રૂ. ૫૦૦/–**




પ્રસિદ્ધ લેખિકા ધીરુબહેન પટેલની ભાવનાને અનુલક્ષીને પ્રગટ થતું, નારી સર્જકતાને સંકોરતું સાહિત્ય, જ્ઞાન અને કળાનું વિશિષ્ટ ત્રૈમાસિક.

**વિશ્વા**

**વાર્ષિક લવાજમ : રૂ. ૨૦૦/–**

# મૅંગ્રોવનું રક્ષાકવચ



કંડલ રાજન

પર્યાવરણ, જલવાયુ પરિવર્તન અને પૃથ્વી પરથી ઘટતી હરિયાળીની ચિંતા વચ્ચે ઘણી વ્યક્તિઓ વિચારે છે કે એને બચાવવા માટે વ્યક્તિ પોતે એકલો શું કરી શકે ? ઘણી વ્યક્તિને આ અંગે કંઈક કાર્ય કરવાની ઇચ્છા હોય છે, પરંતુ એમને કંઈ સૂઝતું નથી. એ સહુને એક સામાન્ય માછીમાર રાજનના જીવનમાંથી ઘણું શીખવા મળશે. કેરળના કન્નૂર જિલ્લામાં પઝાયંગડી પાસે થાવમમાં રહેતા રાજન છેલ્લાં ચાળીસ વર્ષથી મૅંગ્રોવને ઉગાડવાનું, સંરક્ષિત કરવાનું, બચાવવાનું અને પુનર્સ્થાપિત કરવાનું કામ કરી રહ્યા છે, તેથી સહુ તેને કંડલ રાજન તરીકે ઓળખે છે, કારણ કે મલયાળમ ભાષામાં કંડલનો અર્થ મૅંગ્રોવ થાય છે. ૫૮ વર્ષના રાજન રોજ સવારે પોતાની નાનકડી નાવ લઈને નદીમાં માછલી પકડવા નીકળી પડે છે. તે સમયે થોડો સમય મૅંગ્રોવની સંભાળ લેવાનું ભૂલતા નથી.

એક માછીમાર તરીકે તેઓ આ હરિયાળીનું મહત્ત્વ સમજે છે, પરંતુ છેલ્લાં કેટલાંક વર્ષોથી હરિયાળી ઘટી રહી છે. આ ક્ષેત્રમાં એમણે એમના જીવનમાં મૅંગ્રોવની આશરે બાવીસ પ્રજાતિઓ જોઈ છે, પરંતુ આજે તેમાંની ઘણી ખરી રહી નથી. પ્રોન અને અનાજની ખેતીને માટે મૅંગ્રોવને મોટા પ્રમાણમાં કાપી નાખવામાં આવે છે. એ જોઈને એમને એટલું દુઃખ થાય છે કે તેઓ બની શકે એટલા વધારેમાં વધારે મૅંગ્રોવના છોડ વાવે છે, કારણ કે આ મૅંગ્રોવ એ માછલી, કરચલા, પ્રોન, સમુદ્રની અને સમુદ્ર સિવાયની ઘણી પ્રજાતિઓ માટે બ્રિડિંગનું સ્થળ છે. તેના દ્વારા ઇકૉસિસ્ટમ પણ જળવાઈ રહે છે. છીછરા મૅંગ્રોવ એ નદીકિનારે ભેજવાળી જગ્યાએ થતા જીવજંતુઓ માટે છત્રનું કામ કરે છે અને તેને કારણે પક્ષીઓ પણ ત્યાં આવે છે. તેઓ નાના હતા ત્યારથી મૅંગ્રોવના છોડ વાવે છે. અત્યાર સુધીમાં કેટલા છોડ વાવ્યા, તેની કોઈ ગણતરી રાખી નથી.

ઇકૉસિસ્ટમને સારી રાખવામાં તેમજ ક્લાઇમેટ ચેન્જનું નિયમન કરવામાં મૅંગ્રોવ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. કેરળ સરકારની ફિશરી ડિપાર્ટમેન્ટની વેબસાઇટના આંકડા મુજબ એક સમયે સિત્તેર હજાર હેક્ટરમાં મૅંગ્રોવ હતા, જે આજે ઘટીને ૧૯૪૨ હેક્ટરમાં જ રહ્યા છે. કન્નૂરના વનસંરક્ષક વિનોદકુમારના કહેવા પ્રમાણે તો પહેલાં અડધો ભાગ સરકારનો રહેતો અને બાકીનો અડધો ભાગ લોકો વ્યક્તિગત રીતે તેમાં

રોકાણ કરતા હતા, પરંતુ મૅંગ્રોવનો વિસ્તાર ઘટી રહ્યો છે. અડધાથી વધુ વિસ્તાર લોકોના હાથમાં છે, જેથી તેનું સંરક્ષણ કરવામાં મુશ્કેલી પડે છે. મૅંગ્રોવના છોડ લગાવવામાં ઘણી મુશ્કેલીઓ છે તેમ છતાં રાજને ક્યારેય હાર માની નથી. તેઓ શક્ય તેટલો પ્રયાસ કરવામાં પાછી પાની કરે તેમ નથી. એમનો વ્યવસાય તો માછલી પકડવાનો છે, પરંતુ મૅંગ્રોવની પ્રજાતિઓ શોધવી, તેનાં બીજ કે છોડ લાવવા, તેને લાયક જમીન શોધવી અને તેમાં વાવવા અને તે પછી એની બરાબર સંભાળ લેવી - આ બધો એમનો શોખ બની ગયો છે.

મૅંગ્રોવના ફાયદા સમજાવતાં તેઓ કહે છે કે કેરળમાં વારંવાર આવતાં પૂરને રોકવામાં એ મદદરૂપ થાય છે. સમુદ્ર કે નદીકિનારાનું ક્ષરણ થતું રોકે છે. કુદરતી આપત્તિઓ જેમ કે આંધી, ચક્રવાત, ત્સુનામી કે તોફાનના સમયે મૅંગ્રોવ રક્ષણનું કામ કરે છે. આ ઉપરાંત તેનામાં કેટલાક ઔષધીય ગુણો રહેલા છે, જેનો દવા બનાવવામાં ઉપયોગ થઈ શકે. આટલા ફાયદાકારક મૅંગ્રોવને લોકો ખેતી, જલીય ખેતી, નિર્માણ અને વિકાસ પરિયોજનાના નામે નષ્ટ કરે છે. જમીનમાલિકોને મૅંગ્રોવને બચાવવામાં સહેજે રસ નથી, કારણ કે તેનાથી તેમને આર્થિક રીતે ખાસ કોઈ ફાયદો થતો નથી. તેઓ જેમાંથી આવક થાય તેવી ખેતી કરવા માટે મૅંગ્રોવનો નાશ કરે છે. અન્ય ખેતીને પ્રોત્સાહન મળે તે માટે સરકાર સબસિડી આપે છે. તેને કારણે પણ જમીનદારોને મૅંગ્રોવને ઉગાડવામાં કે સંરક્ષણ કરવામાં રસ નથી. બીજી બાજુ કોસ્ટલ રેગ્યુલેટરી ઝોન અંતર્ગત રહેલાં મૅંગ્રોવ-ક્ષેત્રો માટે કાયદાઓ છે, પરંતુ તેનો અમલ કરાવવો અત્યંત મુશ્કેલ હોય છે.

જ્યારે કોઈ મૅંગ્રોવ કાપીને કાયદાનું ઉલ્લંઘન કરે અને રાજનને એની ખબર પડે તો તેઓ ખામોશ રહીને બેસી રહેતા નથી. આ અંગે વન-અધિકારીઓને તેઓ જાણ કરે છે. તેમની આવી કામગીરી સામે લોકો નારાજ થઈને રાજનનો વિરોધ પણ કરે છે. રાજન મૅંગ્રોવની સાથે સાથે કોઈ વૃક્ષછેદન થતું હોય તો તેની પણ જાણકારી આપે છે અને વૃક્ષ સંરક્ષણ કાયદા અંતર્ગત કાર્યવાહી કરીને વૃક્ષને કાપતાં અટકાવે છે. મૅંગ્રોવ મૅન ઑફ ધ કેરાલા તરીકે ઓળખાતા રાજને ૨૦૦૭માં પોતાના ઘરમાં મૅંગ્રોવની એક નાની નર્સરી શરૂ કરી છે. એમાં કુટ્ટીકંડલ, ઉપુટ્ટી, ઉજુથાની કંડલ, પ્રંથન કંડલ જેવી પાંચ જુદી જુદી જાતના આશરે પાંચ હજાર છોડ છે. જે લોકો એની પાસે છોડ લેવા આવે છે તેને તે છોડ આપવાની સાથે તેની સંભાળ કેવી રીતે લેવી તે સમજાવે છે. તેમણે ક્લબ, સ્કૂલ, કૉલેજ, સંસ્થાઓ અને વનવિભાગ સાથે ઘણું કામ કર્યું છે અને હજારો છોડ આપ્યા છે. માછીમાર તરીકે કામ કરતા રાજનના માથે થોડું દેવું છે, પરંતુ મૅંગ્રોવના છોડમાંથી કમાણી કરવાનો હેતુ નથી, લોકો એક છોડના જેટલા પૈસા આપે તેટલા તે લઈ લે છે. સામાન્ય વ્યક્તિને તેના અસામાન્ય કામ માટે અપાતો પીવી થમ્પી મેમોરિયલ ઍવૉર્ડ મેળવનાર રાજન માટે આ કામ ક્યારેય આસાન નથી રહ્યું, પરંતુ મૅંગ્રોવનું સંરક્ષણ કરવું તે એના જીવનનું લક્ષ્ય બની ગયું છે.

**- પ્રીતિ શાહ**

પ્રવાસ

# સિંહગિરિ પર વાદળપરીનો સ્વપ્નલોક

આમ તો તત્કાલીન પાલિ ભાષામાં શ્રીલંકાના આ આખાય પર્વતનું નામ હતું સિંહગિરિ. કાળક્રમે સિંહગિરિનું અપભ્રંશ થયું સિગીરિયા. એ સિગીરિયાના પરિસરમાં પ્રવેશીને એના બાગ તથા આસપાસનાં ખંડિયેરો વચ્ચેથી પસાર થતાં ગયાં, તેમ તેમ નજીક આવતી જતી ગૌરવવંતી સિગીરિયાની વિરાટ શિલાનો પ્રભાવ મન પર પ્રસરતો ગયો. એ વાતનો રોમાંચ પણ મન પર છવાયો હતો કે, અમે વિશ્વના સૌથી પુરાણા લૅન્ડસ્કેપ કરેલા બગીચામાંથી એકમાં ટહેલી રહ્યાં હતાં. આ સમગ્ર પરિસરની ફરતે એકની બહાર એક એમ ત્રણ ખાઈઓનો ઘેરો દેખાતો હતો અને એની અંદર એક ઊંચી દીવાલનો ઘેરો આ વિરાટ શિલા પર રચાયેલા રાજભવનોની રક્ષા કરતો હશે તેમ ધ્વસ્ત અવશેષો કહેતા હતા. એ સમયમાં આ તમામ ખાઈઓમાં ખૂંખાર મગરો રાખવામાં આવતા. ગાઇડ અહીં ઉડાડવામાં આવેલા હારબંધ ફુવારાઓની રચનાની તથા આખાય પરિસરને આવરી લેતી પાણીપુરવઠાની ઈજનેરી કરામતની વાત કરી રહ્યો હતો, ત્યારે મન તો પર્વત ઉપરના મહેલની અગાશીમાં ટહેલવા લાગેલું. પર્વત જેવી શિલાને આંબવા માટે ત્રણ દરવાજા છે. દરવાજા શાના, એ તો પથ્થરો વચ્ચે રસ્તો આપતી શિલાઓની કુદરતે રચેલી કમાનો છે. એમનાં નામ એમના આકારો પરથી પાડવામાં આવેલાં છે. એકનું નામ છે, એલિફન્ટ ગેટ અર્થાત્ હાથીદ્વાર. બીજો છે, કોબ્રા ગેટ અર્થાત્ કાળીનાગદ્વાર અને છેલ્લો છે, લાયન ગેટ અર્થાત્ સિંહદ્વાર.

હસ્તીદ્વારમાંથી પ્રવેશીને ઊંચે ચડતાં ગયાં, તેમ તેમ નીચે દેખાતા બાગની રેખાઓ વધુ ને વધુ સુરેખ બનતી ગઈ. આપણા નિશાત અને શાલિમાર બાગ યાદ આવી જાય, તેવી આ બાગની રચના છે. ટેકરી પર સારી એવી ઊંચાઈએ પહોંચ્યાં, ત્યાંથી લોખંડની એક સાવ સાંકડી સર્પાકાર સીડી ચડવાની હતી. ચારેક માળ જેટલી ઊંચી એ સીડી ટેકરી પર ઊભેલા પર્વત જેવા પથ્થરની એક બાજુની સપાટી પર બનતી છીછરી ગુફા સુધી લઈ જતી હતી. ખરેખર તો એ ગુફા નહોતી, પથ્થરની એક તરફની સપાટ સપાટી તરફ મોઢું રાખીને ઊભા રહી શકાય, તેવું સાંકડું પ્લૅટફૉર્મ હતું. સદીઓ પહેલાં આ જગ્યા પર ઊભા રહીને કોઈ અજ્ઞાત ચિત્રકારે વિરાટ ચિત્રો ચીતર્યાં હતાં. આ તમામ ચિત્રો અપ્સરાઓનાં હતાં. આપણે ત્યાં અજંતામાં જોવા મળે છે, લગભગ તે જ પ્રકારનાં આ ચિત્રોમાંથી આજે તો પાંચ-સાત આકૃતિઓ જ સમયના વહેણ સામે ટકી રહેલી દેખાય છે, પણ ઇતિહાસ કહે છે કે, રાજા કશ્યપાના સમયમાં આ વિશાળ પથ્થરની આખેઆખી બહારની સપાટી પર વિરાટ ચિત્રો હતાં. વિશ્વની પહેલવહેલી અને મોટામાં મોટી આઉટડોર પિક્ચર ગૅલરી ! આભને આંબતી શિલાની આસપાસનાં વાદળો છવાઈ જાય, ત્યારે તેની બાહ્ય સપાટી પર અંકિત અપ્સરાઓ વાદળોમાં તરતી હોય, અથવા આકાશની બારીએથી વાદળોનો પડદો હટાવીને પૃથ્વીને નીરખતી હોય,



તેવું લાગતું હશે, ત્યારે સિગીરિયાના પર્વત પર તથા એની ચારેકોર વ્યાપેલાં અરણ્યોમાં કેવાં અલૌકિક દૃશ્યો સર્જાતાં હશે ! ઇતિહાસ કહે છે કે, છેક આદિકાળથી અહીંના અપાર્થિવ વાતાવરણથી આકર્ષાઈને હજારો યાત્રાળુઓ અહીં આવતા રહ્યા છે. કશ્યપાના સમયનાં ખંડિયેરોની આસપાસ ખોદકામ કરતાં પુરાતત્ત્વ વિભાગને મળેલા અવશેષોમાં આ ભીંતચિત્રોની અપ્સરાઓની વિવિધ કદની સેંકડો પ્રતિકૃતિઓ મળી આવી છે, જે સૂચવે છે કે, પાંચમી સદીમાં અહીં સ્મૃતિચિહ્ન તરીકે આવાં પૂતળાંનો વિક્રય થતો હોવો જોઈએ અને અહીં આવતા યાત્રાળુઓ યાત્રાના સ્મરણ રૂપે એ અપ્સરાઓનાં પૂતળાં ખરીદી જતા હોવા જોઈએ.

પર્વતની ટોચ સુધી પહોંચવા માટે હજી ઘણી મજલ બાકી હતી, પરંતુ સિંહદ્વાર હવે ઢૂંકડું હતું. અમે ચડતાં હતાં તે પગથિયાંના કઠેડાની દીવાલ પર ચકચકતું આવરણ લગાડેલું હતું, જેને કારણે આ દીવાલને મિરર વૉલ અર્થાત્ દર્પણ જેવી દીવાલ કહે છે. છેક પાંચમી સદીમાં બાંધેલી આ દીવાલ પર કુદરતી સામગ્રીમાંથી બનાવેલા લીસા ચકચકતા લીંપણનો કેટલોક ભાગ આજે પણ જોવા-સ્પર્શવા મળે છે. અહીંથી પસાર થનારા આદિકાળના યાત્રીઓએ આ દીવાલ પર પાલિ ભાષામાં પોતાનાં નામો સાથે પ્રણય કાવ્યો કોતર્યાં છે, જે પેલી પર્વત ઉપર આલેખાયેલી અપ્સરાઓને ઉદ્દેશીને અથવા તેમની પ્રશંસામાં લખાયેલાં છે. આ લખાણો છઠ્ઠીથી ચૌદમી સદીના ફલક પર લખાયાં છે. સદીઓ પૂર્વેના પ્રવાસીઓની માનસિકતાને અનુભવતાં સિંહદ્વાર સુધી પહોંચી જવાયું, ખબર પણ ન પડી !

ઊંચાણના લગભગ અડધે રસ્તે આવેલા આ દ્વારની આસપાસ એક નાનકડું મેદાન હતું. અહીં સિગીરિયાની વિરાટ શિલાના પ્રવેશસ્થાને સિંહના બે વિશાળ પંજા કંડારેલા હતા અને એની વચ્ચેનાં પગથિયાં છેક ટોચ સુધી લંબાતાં દેખાતાં હતાં. અહીંથી શરૂ થતો એક જ શિલાનો બનેલો આ આખોય પર્વત તે સમયમાં આખેઆખો સિંહના



આકારમાં કોતરાયેલો હશે અને એટલે જ એનું નામ સિંહગિરિ પાડ્યું હશે, પણ આજે તો સમયના ઘસારા સામે ઝીંક ઝીલતા સિંહના બે પંજા જ દેખાય છે. પ્રવેશદ્વારથી આગળ ઊંચે લઈ જતી પુરાણી પગથાર પણ ઘસાઈ ગઈ છે, એક સમયે એના અસ્તિત્વની સાબિતી જેવા પથ્થર પરના ખાંચા અનેક સ્થળે જોવા મળે છે. સમયાંતરે ઘસાઈ ગયેલી પગથારની જગ્યાએ શ્રીલંકાની સરકારે લોખંડનાં પગથિયાં બનાવેલાં છે.

આ છેલ્લું ચઢાણ આકરું હતું, પરંતુ સ્થળનું સૌંદર્ય અને એના વાતાવરણમાં અનુભવાતી કાલાતીત થઈ જવાની સંવેદના કોઈ ચુંબકીય આકર્ષણથી ટોચ તરફ ખેંચી રહી હતી. મનના એકાન્તમાં મગ્ન થઈને ઊંચે ને ઊંચે જતાં કોઈ સાથી, કોઈ સહયાત્રીની ખેવના પણ મનમાં ન રહી. પર્વતની ટોચ પર લઈ જતાં પગલાં જાણે પૃથ્વી પર નહીં, આકાશમાં પડી રહ્યાં હતાં ! મૃત્યુ પછી શું આત્માની ગતિ અને તેનો પંથ પણ આવો જ હશે ? શરીરથી પણ પર હોવાની આટલી સઘન છતાંય સભર અનુભૂતિ વાદળપરીના આ સ્વપ્નલોક સિવાય બીજે ક્યાં મળત ?


પર્વતની ટોચ ઉપરના અવશેષો વિસ્મિત કરી દે તેવા હતા. રાજાનો મહેલ અને મહેલની અગાશી પર વળી ઉદ્યાન. ક્યાંક રાજાની શાહી બેઠક તો ક્યાંક વળી રાજા-રાણીનો તરણકુંડ. જળઉદ્યાન અને અટારીઓ - રાજ પરિવારના રંગરાગ માટે એવું તો કાંઈ કેટલુંય. પણ પાંચમી સદીના મનુષ્યના ઈજનેરી કૌશલ્ય પર અહોભાવ તો હવે વિચારતાં અનુભવાય છે, ત્યારે એવા કોઈ સ્થૂળ વિચાર માટે મનમાં અવકાશ જ નહોતો. શ્વાસ હજી હેઠો બેઠો ન હતો, પણ એનુંય કાંઈ મહત્ત્વ નહોતું. હાંફતે શ્વાસે પર્વતની ધાર પર ઊભા રહીને નીચે દેખાતા ચારેકોર ફેલાયેલા ગાઢ અરણ્ય પર નજર દોડાવી ત્યાં તો આંખો બંધ કર્યા વગર પણ આખીય દુનિયા ઓઝલ થઈ ગઈ. મન મૂકીને વહેતા પવનની છાલક લાગી, ને વિશ્વભાન ભૂલી ગયેલ મન તથા શરીરને આકાશના ઘોડાપૂરમાં વહાવી દેવાની તીવ્ર ઈચ્છા થઈ આવી.

**- ભારતી રાણે**

# ધરતી પર સૂર્યનું અવતરણ

મે, ૨૦૨૪માં આ લેખ જ્યારે લખાઈ રહ્યો છે ત્યારે આગામી પાંચ દિવસો સુધી અમદાવાદમાં 'રેડ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. સૂર્ય તરફથી મળતી આ ગરમીની ભેટ પૃથ્વી પરની સમગ્ર ઊર્જાનો મૂળ સ્રોત છે. આ સમયગાળામાં સૂર્યમાં અસામાન્ય પ્રક્રિયાઓ જોવા મળી, જેને કારણે ધ્રુવીય પ્રદેશની નજીકના દેશોના આકાશમાં રંગબેરંગી ધ્રુવીય પ્રકાશ પણ જોવા મળ્યો. અલબત્ત 'નામ તેનો નાશ' એ ઉક્તિ મુજબ એક દિવસ સૂરજનો પણ નાશ થશે - ઠંડો પડી જશે તેવી ખગોળવિદોની આગાહી છે. આ દિવસો જોવા માટે પૃથ્વી પર કોઈ જીવસૃષ્ટિ હશે નહીં. આપણે જે સૂરજને જાણીએ છીએ તેને થોડો વધુ જાણવાનો પ્રયત્ન કરીએ. સૂર્યની સપાટી પરનું તાપમાન લગભગ ૫૬૦૦ ડિસે. છે. ક્યાં આપણું ૪૪ ડિસે. અને ક્યાં ૫૬૦૦ ડિસે તાપમાન! સૂર્યની સપાટી પરથી તેના કેન્દ્ર તરફ જતાં તાપમાન વધતું જાય છે અને કેન્દ્રમાં તે ૧,૫૦,૦૦,૦૦૦ ડિસે. સુધી પહોંચી જાય છે. સપાટીથી બહારની તરફ જતાં પણ તાપમાન વધે છે. સૌર પર્યાવરણના બાહ્ય આવરણને 'કોરોના' કહેવામાં આવે છે, જેને આપણે પૂર્ણ સૂર્યગ્રહણ વખતે જોઈ શકીએ છીએ. સૂર્યની દૃશ્યમાન સપાટી કરતાં કોરોનાનું તાપમાન ૧૫૦થી ૪૫૦ ગણું વધારે હોય છે એટલે કે તે ૧૦ લાખ કૅલ્વિનથી ૩૦ લાખ કૅલ્વિન સુધી પહોંચી જાય છે. (૧ કૅલ્વિન = -૨૭૨.૧૫ ડિસે.). આ પ્રચંડ તાપમાન રૂપી પ્રકાશ ૧૫૧ લાખ કિલોમીટરનું અંતર પ્રતિ સેકન્ડ ૩ લાખ કિલોમીટરની ગતિએ કાપીને ૮ સેકંડમાં આપણા સુધી પહોંચે છે. આ દરમિયાનમાં લાખો ડિસે. તાપમાન થોડાક ડિસે. સુધીનું થઈ જાય છે.

આપણી ઊર્જાભૂખ દિવસે ન વધે તેટલી રાતે વધે છે. સૂર્યની પ્રસાદી સ્વરૂપ પૃથ્વીના ઊર્જા સ્રોતો ખલાસ થવા લાગ્યા છે. આપણે જાણીએ છીએ કે આ સ્રોતોથી ઊર્જા ઉત્પન્ન કરવાની પ્રક્રિયાથી પર્યાવરણને હાનિ થાય છે. જીવન ટકાવી રાખવા માટે ઊર્જા જરૂરી છે અને સ્વચ્છ પર્યાવરણ પણ. મનુષ્યને અમર્યાદિત સ્વચ્છ ઊર્જા પ્રદાન કરવા માટે સૂર્ય જેવું કંઈ નથી. સૂર્યમાં જે રીતે ઊર્જા ઉત્પન્ન થાય છે તે રીતે પૃથ્વી પર ઊર્જા ઉત્પન્ન કરવાનો પ્રયત્ન શરૂ થયો. પરમાણુઓના નાભિકીય સંયોગીકરણથી (Nuclear Fusion) સૂર્ય પર ઊર્જા ઉત્પન્ન થાય છે. આ પરમાણુભઠ્ઠીમાં નાભિકીય વિઘટનથી (Nuclear Fission) ઊર્જા મેળવવામાં આવે છે. સૂર્યની જેમ અને સૂર્ય જેટલી ઊર્જા ઉત્પન્ન કરવાના પ્રયોગમાં અનેક દેશોએ - સંસ્થાઓએ વર્ષ ૧૯૮૫માં હાથ મેળવ્યા. તેને પ્રતાપે શરૂ થયો આંતરરાષ્ટ્રીય અણુભઠ્ઠીનો પ્રકલ્પ જે ITER(International Thermonuclear Experimental Reactor)ને નામે ઓળખાય છે. આ મહાપ્રકલ્પનું ધ્યેય સૂર્યની નાભિકીય સંયોગીકરણ પ્રક્રિયાની જેમ પૃથ્વી પર ઊર્જા ઉત્પન્ન કરવાનું



**ભારતમાં નિર્મિત ક્રાયોસ્ટેટ**

છે. જાણે કે ધરતી પર સૂર્યનું અવતરણ! વિશ્વના ૩૫ દેશો આ ભગીરથ કાર્યમાં સહકાર આપે છે. ચીન, યુરોપ, ભારત, જાપાન, રશિયા, દક્ષિણ કોરિયા અને યુ.એસ.એ. - આ સાત દેશો મહાપ્રકલ્પના સભ્યો છે અને તેઓએ આ કામ પાર પાડવાનું બીડું ઝડપ્યું છે. આપણા સૌના ભલા માટેનો આ સહિયારો પ્રયાસ છે જે વર્ષો જૂની ભારતીય માન્યતા 'વસુધૈવ કુટુમ્બકમ્'નું આદર્શ પ્રતીક છે. દક્ષિણ ફ્રાન્સના કેડરાચ (Cadarache) ખાતે વિશાળ અણુ ભઠ્ઠીનું (Reactor) નિર્માણ થઈ રહ્યું છે, જેનો ૪૫ % ખર્ચ યુરોપિયન યુનિયન ઉઠાવી રહ્યું છે. તેમાં દશ લાખથી પણ વધારે વિવિધ ઘટકોનો ઉપયોગ થશે જે ૪૫ જેટલા દેશો મોકલશે. ITERના નિર્માણનું કાર્ય ફ્રાન્સમાં ૨૦૧૩માં શરૂ થયું હતું. તેનું કુલ બજેટ ૬૫૦૦ કરોડ (65 billion) ડૉલર અંદાજવામાં આવ્યું છે. આશા છે કે ૨૦૨૫ સુધીમાં ITER તેના પ્રથમ પ્રયોગ માટે તૈયાર થઈ જશે. અત્યાર સુધીનો આ સૌથી ખર્ચાળ વિજ્ઞાનપ્રયોગ છે. વિજ્ઞાનીઓ અને ઈજનેરો તેમજ સમગ્ર માનવજાત માટે આ એક સૌથી મહત્ત્વાકાંક્ષી પ્રકલ્પ છે. અમદાવાદની ઈન્સ્ટિટ્યૂટ ઑફ પ્લાઝમા રિસર્ચ (IPR) સંસ્થા તેમાં સહભાગી છે.

આ મહત્ત્વાકાંક્ષી પ્રકલ્પમાં ભારત ૨૦,૦૦૦ કરોડ રૂપિયાના (૨.૨ બિલિયન ડૉલર) સંસાધનોનું યોગદાન આપશે. જે મૂળ બજેટના ૧૦ %થી પણ ઓછું છે અને તેના બદલામાં ભારતને મળશે ITER સંબંધિત બૌદ્ધિક સંપદામાં ૧૦૦ % પ્રવેશ. આ અનુભવે ભવિષ્યમાં ભારતભૂમિ પર બાળઆદિત્યનું અવતરણ શક્ય બનશે જે આપણી ઊર્જામાંગને સંતોષી શકશે. ITER રિએક્ટરના નિર્માણમાં ભારત બે પ્રકારનાં સંસાધનોનું યોગદાન આપશે જે અત્યારે આપી રહ્યું છે. ભારતીય ઉદ્યોગો દ્વારા નિર્મિત

અને રિએક્ટરના નિર્માણમાં ઉપયોગી કેટલીક સામગ્રી ભારત પૂરી પાડશે. વાયદા મુજબ કેટલીક સામગ્રી પહોંચાડી પણ દીધી છે. આમ વિશ્વના સૌથી મોટા પ્રકલ્પમાં ‘Made in India’ પણ દષ્ટિગોચર થાય છે. ITERના સૌથી મોટા ઘટકો - ક્રાયોસ્ટેટ ભારતે પૂરા પાડ્યા છે. ક્રાયોસ્ટેટ ૩૦ મીટર ઊંચું અને ૩૦ મીટર વ્યાસનું ITER મશીનનું શૂન્યાવકાશવાળું બાહ્ય આવરણ છે. મશીન અને તેના ઘટકોને તેનાથી રક્ષણ મળે છે. ૫૪ જુદા જુદા ભાગોથી બનેલા ક્રાયોસ્ટેટનું ઇન્સ્ટિટ્યૂટ ઑફ પ્લાઝમા રિસર્ચની ITER-ભારતની ટીમની દેખરેખમાં એલ ઍન્ડ ટીએ હજીરા-ગુજરાતમાં નિર્માણ કર્યું છે. બધા ભાગોનું કેટલુંક સંકલન ભારતની કાર્યશાળામાં તો બાકીનું ITERના સ્થળ પર કરવામાં આવ્યું હતું. ૩૮૦૦ ટનથી પણ વધારે વજનનું ક્રાયોસ્ટેટ પણ આપણે મોકલી આપ્યું છે. હા, આ પણ ‘Made in India’. આ પ્રકલ્પમાં લગભગ ૧૦૦૦ કરોડ રૂપિયાની આર્થિક સહાય આપવાનું પણ ભારતે વચન આપ્યું છે. આ ભગીરથ કાર્ય માટે માનવસંસાધનની પણ જરૂર પડે. આ માટે દરેક સહભાગી દેશ ૧૦ % સુધીનો સ્ટાફ પૂરો પાડે તેવી સમજૂતી થઈ છે. આ મુજબ લગભગ ૧૦૦ ભારતીય ઈજનેરો અને વિજ્ઞાનીઓ ત્યાં મોકલવા જોઈએ. મળતી માહિતી મુજબ અત્યારે ત્યાં ૨૫ ભારતીયો કામ કરે છે. ત્યાં કામ કરતા ઇજનેરો અને વિજ્ઞાનીઓ પ્રકલ્પની ઝીણી ઝીણી માહિતીથી અવગત થાય છે. અનુભવથી જે જ્ઞાન મળે છે - કૌશલ્યનો વિકાસ થાય છે તે અન્ય કોઈ રીતે થતો નથી. આ ક્ષેત્રના નિષ્ણાતોનું કહેવું છે કે આપણે ૧૦૦ ઇજનેરો/વિજ્ઞાનીઓ મોકલવા જોઈએ. જો આપણે નહીં મોકલીએ તો તેની ખોટ ચીન કે કોરિયા જેવા અન્ય દેશોના ઇજનેરોથી ભરપાઈ થશે અને આપણા ઇજનેરો અમૂલ્ય અનુભવથી વંચિત રહી જશે.

એપ્રિલ, ૨૦૨૪ના સમાચાર મુજબ દક્ષિણ કોરિયાએ ‘કૃત્રિમ સૂર્ય’ પ્રકલ્પ અન્વયે એક સીમાચિહ્ન સ્થાપ્યું છે. CNN સંચાર ચૅનલના જણાવ્યા મુજબ ડિસે. ૨૩ થી ફેબ્રુ. ૨૦૨૪ના ગાળામાં દક્ષિણ કોરિયાની ટીમે પ્લાઝમાનું તાપમાન ૧૦૦૦ લાખ ડિસે.નું ૪૮ સેકંડ સુધી મેળવ્યું. આ તાપમાન સૂર્યના અંદરના ભાગના (Core) તાપમાન કરતાં સાત ગણું વધારે છે. બે પરમાણુઓના સંયોગથી (fusion) પ્રચંડ ઊર્જા ઉત્પન્ન થાય છે. સૂર્ય અને બીજા તારાઓ આ પ્રક્રિયાથી ઊર્જા ઉત્પન્ન કરીને ચમકે છે. ફ્યૂઝન ઊર્જા મેળવવાની સૌથી સામાન્ય રીતમાં મેંદુવડા આકારના વિશાળ રિએક્ટરનો ઉપયોગ કરવામાં આવે છે. આ રિએક્ટર ‘ટોકામેક’ (Tokamak) તરીકે ઓળખાય છે. ચીને પણ પોતાને હિસ્સે આવતા ઘટકો પહોંચતા કરી દીધા છે. આ માટે ચીને પણ ૧૬૦૦ ટનનું ‘ટોકામેક’ વિકસાવ્યું છે.

આ પ્રકલ્પને કાર્યાન્વિત કરવા માટે જેટલી ઊર્જા વપરાશે તેનાથી દશ ગણી ઊર્જા તે ઉત્પન્ન કરશે. કૃત્રિમ સૂર્ય આપણા પાવરહાઉસ, સોલાર પૅનલ, અશ્મીય ઈંધણ...જેવા ઊર્જાના સ્રોતોનો પૂરક બની શકે, પણ આદિ સૂર્યનારાયણનો પર્યાય ક્યારેય ન બની શકે.

**- ચિંતન ભટ્ટ**

# ખબર નહીં, હું મારી રીતે ક્યારે જીવી શકીશ ?

સાવ સાચું કહેજો, તમે તમારી રીતે જીવી શકો છો ? તમારી કલ્પનાની જિંદગી કેવી છે ? અત્યારે જે જિંદગી છે એ કલ્પનાની કેટલી નજીક છે ? આપણે બધા ક્યારેક કોઈની જિંદગી વિશે વાત સાંભળીએ, કોઈની લાઇફસ્ટાઇલ વિશે કંઈક જાણીએ, સોશિયલ મીડિયા પર કોઈની પોસ્ટ જોઈએ ત્યારે એવું વિચારીએ છીએ કે જિંદગી તો એ માણસ જીવે છે. આપણે બીજાને હંમેશાં સુખી માની લઈએ છીએ. મર્સિડીઝ કે ઑડીમાં ફરનારા માણસ વિશે આપણે એવું કહીએ છીએ કે, એને તો જલસા છે. બીજાને સુખી માનવામાં કંઈ વાંધો નથી, વાંધો એ વાતનો છે કે, કોઈની સાથે સરખામણી કરીને આપણે આપણી જાતને દુઃખી માનવા લાગીએ છીએ. માણસની પ્રકૃતિ ખરેખર વિચિત્ર છે. કોઈ ધનાઢ્ય કે ખૂબ જ જાણીતી વ્યક્તિ જોઈને એવું વિચારે છે કે, આપણાં તો નસીબ જ ખરાબ છે. બધા દુનિયામાં કેવી કેવી જગ્યાએ ફરવા જાય છે અને આપણે તો દેશના કોઈ હિલ સ્ટેશને પણ જઈ શકતા નથી. તેની સામે કોઈને દુઃખી કે હેરાન-પરેશાન જોઈને આપણે એવું કહીએ છીએ કે, આપણા માથે તો ભગવાનની કેટલી મોટી દયા છે નહીં ? માણસ પોતાના સુખ કે દુઃખનો વિચાર હંમેશાં બીજાને જોઈને જ કરતો રહે છે. જે માણસ પોતાની જાતની સરખામણી બીજા સાથે કરતો રહે છે એ ક્યારેય સુખી થતો નથી. એની પાસે જે હોય એ એને ઓછું, અધૂરું અને અપૂરતું જ લાગે છે. સાચી વાત એ છે કે, જીવવા જેટલું તો આપણી પાસે હોય જ છે. કેટલું છે એ મહત્ત્વનું નથી, જેટલું છે એને તમે કેટલા આનંદથી જીવો છો એ મહત્ત્વનું છે.

એક ફકીર હતો. જંગલમાં નાનકડી ઝૂંપડી બનાવીને રહેતો હતો. લોકો તેની પાસે આવીને વાતો કરતા. બધાને તેમની સાથે વાતોમાં ખૂબ રસ પડતો હતો. ધીમે ધીમે લોકો વધતા ગયા. અનુયાયીઓનો આખો વર્ગ ખડો થઈ ગયો. કોઈએ કહ્યું કે, આપણે અહીં મોટો આશ્રમ બનાવીએ, કોઈએ વળી ટેલિવિઝન પર સત્સંગના કાર્યક્રમ રાખવાની વાતો કરી, કોઈએ વેબસાઇટ બનાવવાની તો કોઈએ સોશિયલ મીડિયાના માધ્યમથી ફકીરની વાતો લોકો સુધી મૂકવાના આઇડિયા આપ્યા. અચાનક એક દિવસ બધાએ જોયું કે ફકીર ગુમ હતા. આજુબાજુમાં તપાસ કરી પણ ફકીર ક્યાંય દેખાયા નહીં. એક વખત એ વિસ્તારનો માણસ દૂર હિમાલયમાં ફરવા ગયો. તેણે ત્યાં એક ફકીરને જોયા અને એ તરત જ તેમને ઓળખી ગયો. અરે ! આ તો એ જ ફકીર છે જે ગુમ થઈ ગયા હતા. તેણે ફકીર પાસે જઈને કારણ પૂછ્યું. ફકીરે કહ્યું કે, હું જે બધું છોડીને આવ્યો હતો એમાં જ બધા મને સંડોવવા ચાહતા હતા. મારે તો મારી રીતે શાંતિથી જિંદગી જીવવી હતી. મારે મારી રીતે જીવવું હતું અને લોકોએ મને એમની રીતે જિવાડવો હતો એટલે હું ત્યાંથી ભાગી ગયો. ફકીરે પછી પોતાની વાત

કરી. તેણે કહ્યું કે, હું ભણવામાં ખૂબ હોશિયાર હતો. સારી નોકરી હતી. પિતા તરફથી વારસામાં પણ ઘણી સંપત્તિ મળી હતી. મેં મારા ભાઈને બધું સોંપી દીધું. ધીમે ધીમે હું મારી જરૂરિયાતો ઘટાડતો ગયો. મને જ્યારે લાગ્યું કે, હવે હું મારી રીતે ફકીરની જેમ જીવી શકીશ ત્યારે હું બધું છોડીને નીકળી ગયો. ફકીર બન્યા પછી મારે ફરીથી એ જંજાળમાં ફસાવું નહોતું એટલે હું ઝૂંપડી છોડીને પણ ભાગી નીકળ્યો.

આપણે બધાએ આપણી રીતે જીવવું હોય છે. બહુ મહેનત કરીએ છીએ છતાંયે આપણે આપણી રીતે જીવી શકતા નથી. દિવસને અંતે એવો વિચાર આવી જાય છે કે, આ બધું હું શું કરું છું ? આટલું કામ, આટલી ચિંતા, આટલી હાયવોય કરું છું છતાં હું મારી રીતે તો જીવી જ નથી શકતો. તમને ક્યારેય એવો વિચાર આવ્યો છે કે, પોતાની રીતે જીવવું એટલે શું ? આપણે એક કલ્પનામાં જીવતા હોઈએ છીએ. આપણી જિંદગીને આપણે કેવી રીતે જોઈએ છીએ ? સુખમાં જિંદગી શોધવાની નથી પણ જિંદગીમાંથી સુખ શોધવાનું છે. ફરવા જવાનું પ્લાનિંગ થઈ શકે પણ જિંદગી જીવવાનું પ્લાનિંગ ન થઈ શકે. જિંદગી આપણા મનસૂબા ઉથલાવી નાખતી હોય છે. આપણાં આયોજનો વિખેરી નાખવાં એ જિંદગીની આદત હોય છે. જીવવાનું વિચારતા જ રહે એ ક્યારેય જિંદગી જીવી શકતા નથી, જીવવાનું શરૂ કરી દે છે એ જ જિંદગીને જીવી શકતા હોય છે.

એક પતિ-પત્ની હતાં. પતિ હંમેશાં પ્લાનિંગ કરતો રહે છે કે, આટલું થઈ જાય પછી આપણે આમ જીવવું છે, તેટલું થઈ જાય પછી તેમ જીવવું છે. આ સમયે મારે મારી રીતે જીવવું છે. પત્ની એટલું જ બોલી, ‘અત્યારે તને તારી રીતે જીવવાની કોણ ના પાડે છે ? પ્લાનિંગમાંથી બહાર નીકળ અને જીવવાનું શરૂ કરી દે.’ આપણી તકલીફ એ છે કે, આપણે જિંદગી જીવવાના જેટલા વિચારો કરીએ છીએ એટલી જિંદગી જીવતા હોતા નથી. એક યુવાનની આ વાત છે. તેણે પોતાની પત્ની સાથે ફરવા જવાનો પ્લાન કર્યો હતો. તે ખૂબ મોજમાં હતો. ફરવા જવાનો દિવસ આવ્યો એ જ વખતે તેને ઑફિસમાંથી કામ સોંપવામાં આવ્યું. તેણે ફરવા જવાનું કેન્સલ કર્યું. પત્નીએ કહ્યું કે, ‘તું તો બહુ ઉત્સાહમાં હતો. શા માટે ના નથી પાડી દેતો ?’ યુવાને કહ્યું કે, ‘મારા વગર નહીં ચાલે.’ પત્નીએ કહ્યું કે, ‘આપણે એવું માનતા હોઈએ છીએ કે મારા વગર નહીં ચાલે, પણ કંઈ જ અટકતું હોતું નથી.’ પતિ ન માન્યો. પતિ ઑફિસે જતો હતો ત્યારે તેનો ઍક્સિડન્ટ થયો. હૉસ્પિટલમાં દાખલ થવું પડ્યું. દસ દિવસ હૉસ્પિટલમાં રહેવું પડ્યું. પત્નીએ બહુ પ્રેમથી કહ્યું કે, ‘તારા વગર બધું ચાલ્યું કે નહીં ?’

જિંદગી આપણને આપણી રીતે જીવવાની તક પણ આપતી હોય છે. જિંદગી એની સાથે બીજી લાલચો પણ આપતી રહે છે. ઘણી વખત એ લાલચોમાં ફસાઈને આપણે આપણી રીતે જિંદગી જીવવાની તક ગુમાવી દેતા હોઈએ છીએ. જિંદગી પોતાની રીતે જીવવાની સાચી રીત એ છે કે, જિંદગીની દરેક ક્ષણને માણો. કામને પણ ઍન્જૉય કરો અને આરામને પણ પૂરેપૂરો અનુભવો. આપણે તો આરામ પણ આરામથી કરી શકતા નથી. રિલેક્સ ટાઈમ દર વખતે મળતો નથી, લીઝર ટાઈમ ક્યારેક છીનવી લેવો પડતો

**(અનુસંધાન ૩૨મા પાને)**

# કાલા રામ-વ્હાલા રામ

પ્રાચીન અને મધ્યયુગીન શિલ્પ, સ્થાપત્ય, ચિત્ર, નાટ્ય, નૃત્ય તેમજ સાહિત્યનાં અમી જે દેશની રગેરગમાં લોહીની જેમ વહી રહ્યાં હોય તે દેશની સંસ્કૃતિ આધુનિક યુગમાં પણ ઉન્નત શિરે ઝળહળતી અનુભવાય છે. આપણા ભારત ઉપરાંત એશિયા, મધ્યપૂર્વ અને યુરોપના અનેક દેશો પાસે એ ખજાનો સચવાયેલો પડ્યો છે. આપણે માટે ગૌરવ લેવા જેવા એ વારસાની વાત કરીએ તો - ચાલો, આ ક્ષણે માત્ર સ્થાપત્યની જ નોંધ લઈએ તો; દેશના ખૂણે ખૂણે એ મોંઘામૂલની (મૂલ્યની) કળા પોતાનો દબદબો જાળવીને બેઠી છે. હા, ક્યાંક ભગ્નાવશેષો, ઉપેક્ષિત કલાકૃતિઓ અને જીવ બળી બળીને રાખ થઈ જાય એવી ગંદકીનું સામ્રાજ્ય પણ જોવા મળે, પણ ધીરજ રાખીને ભારત સરકારનું પુરાતત્ત્વ ખાતું એક પછી એક 'રક્ષિત હેરિટેજ સ્થળ'નાં પાટિયાં મારી જે તે સ્થળને એની ઓળખ અપાવી, જાહેર જનતાના ચરણોમાં પેશ કરાવવાના સતત પ્રયત્નો કરે છે. એવે ટાણે સન્નિષ્ઠ નાગરિકોની ફરજો, રસિકોનો અને કલાકારોનો કલાપ્રેમ જ એને જિવાડી શકે.

અમદાવાદને 'હેરિટેજ સિટી'નો દરજ્જો મળવા માટેના કારણભૂત અનેક સ્થાપત્યોમાંનું એક છે 'કાળા રામજી મંદિર'. આ મધ્યકાલીન મંદિરમાં રામજીની કાળા આરસપહાણમાંથી બનેલ મૂર્તિની સ્થાપના થયેલી છે. એ ખાસ 'કસોટી' નામક આરસપહાણ-પાષાણમાંથી તૈયાર કરાવાયેલી છે. એનો ઇતિહાસ આપણને છેક પેશવાની ગાદીઓ સુધી લઈ જાય છે. અમદાવાદ શહેરના રહેણાક વિસ્તારમાં નગરપાલિકાની હેરિટેજ સૂચિમાં એનું નામ છે જ્યાં વંશપરંપરાગત ગાદીવારસો એની આસનાવાસના કરે છે. 'હેરિટેજ વૉક'માં સામેલ આ સ્થળ રિલીફ રોડ પર હાજા પટેલની પોળના પાછળના ભાગે આવેલું છે. પાઢે પરિવારના મંતવ્ય મુજબ રામ, સીતા, લક્ષ્મણ અને હનુમાનની મૂર્તિઓ સ્વયંભૂ છે. અલબત્ત, જ્યાં જ્યાં દંતકથાનો આધાર હોય છે ત્યાં ત્યાં હકીકતમાં ફેરફારો હોઈ શકે છે. કહે છે કે હરિપ્રસાદ નામના પવિત્ર ભક્ત સજ્જનને આ મૂર્તિઓ દટાયેલી મળી આવેલી. કીમતી કાળા માર્બલનાં શિલ્પોની અસામાન્ય વાત તો એ છે કે અહીં કાળા રામજીની મૂર્તિ બેઠેલી મુદ્રામાં છે. તત્કાલીન સમયે એવું નિરીક્ષણ હતું કે આખા ભારતમાં કાળા રામજીની પ્રતિમા માત્ર બે સ્થળોએ જ હતી. અમદાવાદમાં બેઠી મુદ્રામાં અને મહારાષ્ટ્રની ગોદાવરી નદીના તીરે નાશિકમાં ઊભી મુદ્રામાં. અરે, હા ! અર્વાચીન યુગમાં પણ આપણી આસ્થા અને કલા પ્રત્યેની રુચિમાં કોઈ ઓટ આવી નથી. જોયું ને ! અયોધ્યામાં નવનિર્મિત મંદિરમાં કાળા રામજી જ તો ઊભી મુદ્રામાં દક્ષિણ ભારતીય પરિવેશમાં હવે હાજરાહજૂર છે ! દક્ષિણ ભારતમાં શ્યામલ રંગ મૂર્તિનો મહિમા ઘણો હોવાને કારણે આપણી ગણતરીમાં ફેરફાર થઈ શકે. અન્ય નોંધનીય વાત એ કે અતિ આધુનિક યુગીન આ મંદિર પ્રાચીન શી કળાની છડી પોકારે છે.

એક સમે 'કાળો કામણગારો' તો કાનુડો જ હતો. પણ આ મંદિરમાં તો રામજી




પણ રમતિયાળ છે. અહીં તેમને રમવા માટે 'ચોપાટ' રાખવામાં આવી છે. ગ્રેડ-વન-૪૦૦ પ્રાચીન હેરિટેજ મંદિરોમાંનું એક આ મંદિર વૈષ્ણવોની કૃષ્ણ-શ્રીનાથજીની 'હવેલી' જેવો અહેસાસ અપાવે છે. વિશાળ ચોક ધરાવતા આ પરિસરમાં રહેઠાણ પણ છે અને આ મંદિરમાં રામજી પણ બિરાજે છે. એંશી લોકોનો બૃહદ પરિવાર એને સાચવે છે જ્યાં સ્પેન અને ઇટાલીથી આવેલા સ્થપતિઓએ મંદિરનો પુનઃઉદ્ધાર કર્યો છે. લેસર-સ્કેનિંગ મશીન ટૅક્નિકથી આગળ ઉપર જાળવણી કરવી સરળ બનશે. એક કૉર્પોરેટ હાઉસ જેવા દેખાતા આ પરિસરમાં કાલા રામજીની બેઠક સિંહાસન પર છે, જે એક ઝરૂખા જેવું છે. એ આસન ઉપર ગુંબજો અને બંને બાજુઓ સ્તંભો, કમાનો કોતરણીયુક્ત છે, જેથી એ મંદિરમાં મંદિર જેવું લાગે છે. શામળી આ મૂર્તિના વદન પર બે ચળકતી સફેદ આંખો, આભૂષણ, વસ્ત્રો, મુગટ અતિ શોભાયમાન છે.

મંદિર પ્રવેશે કાષ્ઠનાં વિશાળ બે દ્વાર છે. બાજુમાં બે સ્તંભો સાથે બે દ્વારપાળો દેખાય. દ્વાર ઉપર વળિયાકમાન અને એનીય ઉપર અગાશીના કઠેડે કમળભાત કોતરણી-નકશીની કમાલ ! અગાશીએ મધ્યમાં મોટો અને આજુબાજુ બે નાના ગુંબજો દેખાય, જેમાં આમલક અને કળશ શોભે. મોટા ગુંબજની નીચે બારસાખ નજીક દેવમૂર્તિ દેખાય. અસલ કાષ્ઠ દરવાજામાં ગોખલા, ફૂલભાત, કડાં, સાંકળ, આંકડા અને ખીલા ભવ્ય લાગે. અહીં બે સ્તંભો નીચે કુંભીઓ ઉપર દેવી-દેવતાની હાજરી, સાથે ભૌમિતિક ભાત અને પેલી કુંભીઓની ઉપર જ બીજી કુંભી બે સ્તંભોની અડખેપડખે લાગે. મહેલમાં હોય એવા નીચે પહોળેથી ઉપર તરફ સાંકડા થતા જતા ગોળ સ્તંભો પર ઊભી ખાંચવાળી રેખા પ્રતિભાવંત લાગે. કુંભી વચ્ચે બે આમલક દેખાય. આમ તો આમલક શિખરે જ હોય પણ અહીં તો પહોળી લહેરિયા ભાત જેવી પથરાઈ જતી કુંભીઓનો વટ છે. આમલક પર વળી આડા વળિયા અને આસપાસ ફૂલભાત. ચોકમાં પ્રવેશતાં જ અલંકૃત સ્તંભોની હાર શરૂ થાય જેના છજા પર ઝીણી નકશીયુક્ત મદલ અને કાષ્ઠકલાની ભરમારમાં દેવી-દેવતાનાં સ્વરૂપો નજરે ચડે - જેમાં સંગીતકારો, મોર, ફૂલપત્તી અને છતને અડીને દીવાલ સુધી જતો નકશીકામવાળો પટ્ટો (ફ્રીઝ) ભવ્યતમ લાગે. આ સળંગ પ્રાંગણ - ચોરસ વિભાગમાં મદલ પર દેવી-દેવતા, કોતરણી અને અલંકૃત સ્તંભો - કમળફૂલ સંગ એવાં તો આકર્ષક લાગે ! પિલર્સ ઉપર દેવ ત્રિભંગમાં ઊભા મળે જ્યાં પગ નીચે ટોડલા પર રેખા-પત્તી વિલસે અને ટોડલાની ટોચ ઊંધી લાગે. ચોમેર છોમાં પથ્થરના ટાઇલ્સ ઠંડક પ્રસરાવે. લો, પાછા આવી ગયાને ગર્ભગૃહ નજીક ! જય કાલા રામજીકી ! અરે હા, કોઈને શ્વેત શ્યામજી જડે તો કહેજો.

**- સુધા ભટ્ટ**

# મોબાઇલ પણ બને છે 'હીટવેવ'નો શિકાર

આકરા તાપમાં બહાર નીકળતી વખતે આપણે શરીરનું જેટલું ધ્યાન રાખવું પડે છે એટલું જ મોબાઈલનું પણ રાખવું જોઈએ. મોબાઈલ ગરમ થાય ત્યારે જો એની અવગણના કરીએ તો ગંભીર પરિણામ આવી શકે છે.

ભારતનાં અનેક રાજ્યોમાં આકરો તાપ પડી રહ્યો છે. ગુજરાત સહિતનાં કેટલાંય રાજ્યોમાં તાપમાનનો પારો ૪૫ ડિગ્રીએ પહોંચી ગયો. હવામાન વિભાગે તો તાપમાનમાં હજુય વધારો થશે એવી ચેતવણી આપી. જૂનના ત્રીજા સપ્તાહ સુધી ગરમીમાં ખાસ રાહત મળે એવી શક્યતા નથી. હીટવેવથી કરોડો લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા. અસહ્ય તાપમાં બહાર નીકળતી વખતે શું શું ધ્યાન રાખવું તેની સૂચના અપાઈ. તાપમાન વધે તેની શારીરિક-માનસિક અસરો અંગે પણ હેલ્થ એક્સપર્ટ્સે સૂચનો કર્યાં.

આ બધા વચ્ચે આકરા તાપમાં મોબાઈલને સાથે લઈને નીકળીએ તો શું ધ્યાન રાખવું તેની ચર્ચા ખાસ થતી નથી. હીટવેવની આગાહી વચ્ચે દેશભરમાં ઉનાળાની શરૂઆત સાથે જ મોબાઈલ બ્લાસ્ટ થયાની ઘટનાઓ બની તેના પર ઓછું ધ્યાન ગયું. એકાદ મહિના પહેલાં ઉત્તરપ્રદેશના મેરઠમાં એક સ્માર્ટફોન બ્લાસ્ટ થયો અને ચાર બાળકો મૃત્યુ પામ્યાં. એ ઘટનાના થોડા દિવસ બાદ કાનપુરમાં એક મહિલા પૉકેટમાં ચાર્જ કરેલો મોબાઈલ મૂકીને કાનમાં ઈયરફોન ભરાવીને મ્યુઝિક શરૂ કર્યું ને બહાર નીકળી. રસ્તામાં મોબાઈલ ફાટ્યો. અધવચ્ચે એ પડી ગઈ ને તેને ઈજા થઈ. એ પહેલાં પંજાબના ગુરુદાસપુર નજીકના ગામમાં ત્રણ વર્ષની બાળકીને ફોન રમવા આપ્યો હતો. એ વખતે ફોન બ્લાસ્ટ થતાં બાળકીને ઈજા પહોંચી હતી. જયપુરમાં પણ ઉનાળાના પ્રારંભે એક મોબાઈલ-બ્લાસ્ટની ઘટના બનેલી. ચાર્જ કર્યા પછી યુવકે હજુ તો મોબાઈલ જિન્સના પૉકેટમાં રાખ્યો ન રાખ્યો ત્યાં તો બ્લાસ્ટ થયો.

બૅકકવરની અંદર ૧૦૦-૨૦૦-૫૦૦ રૂપિયાની નોટ રાખનારા યુઝર્સના ફોન બ્લાસ્ટ થયાની બે-ચાર ઘટનાઓ પછી ટૅક-એક્સપર્ટ્સે બૅકકવરમાં કરન્સી નોટ, બિલ કે એવી કોઈ પણ પ્રકારની કાગળની ચીજવસ્તુઓ ન મૂકવાની સલાહ આપી હતી. મોબાઈલ ચાર્જમાં મૂક્યો હોય ત્યારે મોબાઈલના બૅકકવરમાં અંદર મૂકેલી કરન્સી નોટ કે બિલ બેહદ ગરમ થાય છે. તે એટલે સુધી કે એ ગરમ થઈને અંદરની ઈલેક્ટ્રિક સર્કિટ કે બૅટરીને ગરમ કરે છે, પરિણામે મોબાઈલ ફોન બ્લાસ્ટ થવાની શક્યતા વધી જાય છે.

આવી ઘટનાઓ પછી ઉનાળા દરમિયાન ઓવર હીટિંગથી બચવાના ઉપાયો કરવા જરૂરી બની જાય છે. મોબાઈલ ગરમ થતો હોય તો સાવધાન થવું જરૂરી છે. મોબાઈલનું કવર બદલી નાખવાથી પણ ઘણી વખત હીટિંગની સમસ્યા હલ થઈ જાય છે. અમુક નાની નાની બાબતોનું ધ્યાન રાખવાથી મોબાઈલ-બ્લાસ્ટની અણધારી ઘટનાથી બચી



શકાય છે. સ્માર્ટફોન ચાર્જમાં રાખ્યા બાદ તુરંત પૉકેટમાં મૂકવાનું ટાળો, શક્ય હોય તો ખુલ્લા વાતાવરણમાં સોફા-બેડ કે ખુરશીમાં ૧૦-૧૫ મિનિટ ચાર્જમાંથી કાઢ્યા બાદ પડ્યો રહેવા દો. તેનાથી મોબાઇલનું ટેમ્પરેચર નૉર્મલ થઈ જશે એટલે આકરા તાપમાં બહાર નીકળીએ ત્યારે બ્લાસ્ટ થવાનું જોખમ ઘટી જશે.

મોબાઇલને કલાકો સુધી હેવી ટાસ્કમાં ન રાખો. સતત કલાક-બે કલાકથી ગેઇમ્સ રમતા હોય ને સહેજ પણ મોબાઇલ ફોન ગરમ થયો હોય એવું લાગે તો ચેતી જજો. જો એસીના તાપમાનમાં મોબાઇલમાં કલાકો સુધી વેબસીરિઝ જોતા હોય તો બહુ વાંધો આવતો નથી, પરંતુ જો સાધારણ રૂમ ટેમ્પરેચરમાં કલાકો સુધી સતત કંઈક જોતા હોય ત્યારે સહેજ પણ ગરમાવો લાગે તો થોડી વાર માટે મોબાઇલને આરામ આપી દો. ઘણી વખત બૅકગ્રાઉન્ડમાં એપ ચાલતી હોય છે એના કારણે મોબાઇલ ઑપરેટિંગ સિસ્ટમનું કામ વધી જાય છે. આપણે નેટફ્લિક્સમાં મૂવી કે વેબસીરિઝ જોતાં હોઈએ ત્યારે વૉટ્સએપ મૅસેજ આવતા હોય ને આપણે એમાં જવાબો આપીને ફરીથી નેટફ્લિક્સ જોવા માંડીએ એનો અર્થ એ કે વૉટ્સએપ બૅકગ્રાઉન્ડમાં ઍક્ટિવ છે. એ જ રીતે અન્ય એપ્સ પણ બૅકગ્રાઉન્ડમાં ઍક્ટિવ હોય તો મોબાઇલ હીટ થાય છે. બનતાં સુધી એક સમયે એક એપ જ ઍક્ટિવ રહે તે સલાહભર્યું છે. બૅકગ્રાઉન્ડ ટાસ્ક વધારે તેમ હીટિંગની શક્યતા પણ વધારે.

ચાર્જર સાથે મોબાઇલ કનેક્ટ હોય અને ગરમ થતો હોય તો બૅકકવર થોડી વાર માટે કાઢી નાખવું. સીધો સૂર્યપ્રકાશ આવતો હોય એવા સ્થળે ઘરમાં કે ઑફિસમાં ઉનાળા દરમિયાન મોબાઇલ ચાર્જમાં ન મૂકવો. એનાથી મોબાઇલને ઇલેક્ટ્રિસિટી ઉપરાંત સૂર્ય તાપની બમણી ઊર્જાનો સામનો કરવો પડે છે ને વારંવાર એવું થતું હોય તો એક તબક્કે મોબાઇલ જૂનો થાય ત્યારે હીટ થવા માંડે છે.

મોબાઇલ હીટ થતો હોય ત્યારે સ્માર્ટવૉચ ડિસકનેક્ટ કરી દો, બ્લૂટૂથ ઇયરબડ્સ કનેક્ટ હોય તો એ પણ થોડી વાર માટે ડિસકનેક્ટ કરો. બ્રાઇટનેસ ઓછી કરવી

હિતાવહ છે. જો ફોન ગરમ થતો લાગે તો એક-બે મિનિટ માટે ઍરપ્લેન મોડ ઑન કરી દેવાથી પણ ફાયદો થાય છે. તેનાથી ફોનના નેટવર્કની સિસ્ટમ થોડી વાર માટે બંધ થાય છે અને ફોનને ટાસ્ક મળતો નથી એટલે આપોઆપ નૉર્મલ થવા માંડે છે.

મોબાઇલ ફોન ચાર્જર સાથે કનેક્ટ હોય ત્યારે ફોનમાં વાત ન કરો. ફોન ચાર્જમાં મૂક્યો હોય ત્યારે કોઈ પણ ટાસ્ક ન કરો એ વધારે સલામતીભર્યું છે. ઘણા લોકો મોબાઇલ ચાર્જમાં મૂકીને વેબસીરિઝ-ફિલ્મો જોતા હોય છે કે ગેઇમ્સ રમતા હોય છે એ જોખમી છે. અને હા, મોબાઇલ ચાર્જમાં હોય ત્યારે બાળકને તો ક્યારેય રમવા ન આપવો. બાળક મોબાઇલ ગરમ થાય છે કે નહીં તે તુરંત પારખી શકે નહીં એટલે સંભવિત ખતરો જાણી શકે નહીં.

ખરાબ અને સસ્તાં ચાર્જરનો ઉપયોગ ન કરવો. તેનાથી મોબાઇલની ઑપરેટિંગ સિસ્ટમ અને બૅટરીને નુકસાન થતું હોવાથી હીટિંગનું જોખમ વધે છે. મોબાઇલ બહુ જ હીટ થતો હોય તો ટૅક્નિશિયનને બતાવી દેવો જોઈએ અથવા કંપનીના કૅર સેન્ટરમાંથી સલાહ લેવી જોઈએ. વારંવાર મોબાઇલ હીટિંગની સમસ્યા હોય તો સલામત કંપનીનો ફોન વસાવી લેવો. હવે મોટા ભાગના સ્માર્ટફોનમાં બૅટરીની ફિટનેસ જાણી શકાય છે. સેટિંગ્સમાં જઈને બૅટરીની ફિટનેસ તપાસી લેવાથી પણ હીટિંગ કે બ્લાસ્ટનું જોખમ નિવારી શકાય છે.

**- હર્ષ મેસવાણિયા**

---

**(૨૭મા પાનાનું ચાલુ)**

હોય છે. આપણે જો આપણી રીતે જિંદગી જીવી શકતા ન હોઈએ તો માનવું કે જીવવાની સારી રીત જ આપણને ખબર નથી. જે જીવવાની રીત જાણે છે એ તો દરેક ક્ષણને પૂરેપૂરી જીવે જ છે. આપણા જીવવાના ઇરાદાઓ સાધનો સાથે જોડાઈ ગયા છે, હકીકતે એ જિંદગીની સાથે હોવા જોઈએ.

આપણે બંગલો, ગાડી, મોબાઇલ, ગૅઝેટ્સ અને બીજી સાધનસામગ્રીઓમાં સુખ જોવા લાગ્યા છીએ. માનો કે એ બધું જ હશે તોપણ જો જિંદગીની સમજ નહીં હોય તો જીવવાની મજા આવવાની નથી. તમારા સંબંધો કેટલા સાત્ત્વિક છે ? તમારો માંહ્યલો કેટલો હળવો છે ? જેને સારી રીતે જીવવું છે એને કોઈ રોકી શકતું નથી. આપણે તો પરિસ્થિતિ, સંજોગો, સમસ્યાઓ, મૂંઝવણો અને મુસીબતોને દોષ દેતા રહીએ છીએ. પડકારો તો રહેવાના જ છે, મુશ્કેલી તો આવવાની છે, સમય ક્યારેય સો ટકા આપણે ઇચ્છીએ એવો રહેવાનો નહીં. સમયને પણ એ જેવો હોય એવો સ્વીકારવો પડતો હોય છે અને એમાંથી જીવવાની મજા માણવાની હોય છે. જીવવા માટેનો રાઇટ ટાઇમ ક્યારેય આવતો નથી, એનું કારણ એ છે કે, એ રાઇટ ટાઇમ તો અત્યારે જ છે. તમે રાહ જોઈને બેઠા છો અને એ તો હાજર જ છે, એ તો હોય જ છે, બસ આપણે નથી હોતા. તમે જિંદગીની નજીક આવી જાવ, જિંદગી તો તમારી નજીક જ છે.

**- કૃષ્ણકાંત ઉનડકટ**

## આગામી કાર્યક્રમો

## શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

### ( ઑનલાઇન કાર્યક્રમો )

◈ **૧૨ જૂન, ૨૦૨૪, બુધવાર : સાંજના ૫-૩૦**
વિષય : સાંપ્રત સમયમાં શ્રીમદ્ ભગવદ્ગીતાની પ્રસ્તુતતા
વક્તા : શ્રી દર્શના ધોળકિયા

◈ **૨૨ જૂન, ૨૦૨૪, શનિવાર : સાંજના ૫-૩૦**
વિષય : સંત કબીર અને મહાત્મા ગાંધી : સાવ અડોઅડ
વક્તા : શ્રી કુમારપાળ દેસાઈ

### ( ઑફલાઇન કાર્યક્રમો )

## માતૃભાષા સંવર્ધન કેન્દ્ર

◈ **૧૩ જૂન, ૨૦૨૪, ગુરુવાર : સાંજના ૫-૦૦**
વિષય : બે કાવ્યોનો આસ્વાદ
વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર અને ડૉ. પિંકી પંડ્યા

◈ **૨૯ જૂન, ૨૦૨૪, શનિવાર : સાંજના ૫-૦૦**
વિષય : મનોભાષાવિજ્ઞાન
વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર અને ડૉ. પિંકી પંડ્યા

## 'ગુજરાત દર્પણ' પ્રેરિત પત્રકારત્વ વ્યાખ્યાનમાળા

◈ **૮ જૂન, ૨૦૨૪, શનિવાર : સાંજના ૫-૩૦**
વિષય : પત્રકારત્વની પહેલી સદી(૧૮૨૨–૧૯૨૨)માં સર્જાયેલી રસપ્રદ ઘટનાઓ
વક્તા : શ્રી દીપક મહેતા

## કેળવણીકાર શ્રી નંદુભાઈ દામોદર શુક્લ
## સંસ્કાર, શિક્ષણ અને સાહિત્ય વ્યાખ્યાનશ્રેણી

◈ **૧૫ જૂન, ૨૦૨૪, શનિવાર : સાંજના ૫-૩૦**
વિષય : સર્જનાત્મકતા દ્વારા મૂલ્યશિક્ષણના વૈશ્વિક કક્ષાએ થયેલા પ્રયોગો
વક્તા : શ્રી અર્પણ યાજ્ઞિક (ક્રિયેટીવિટી વિષયના નિષ્ણાત, અમેરિકાની પેન સ્ટેટ યુનિવર્સિટીના કૉમ્યુનિકેશન વિભાગના ઍસોસિયેટ પ્રોફેસર તથા ગ્રંથલેખક, વિશ્વના જુદા જુદા દેશોમાં વિવિધ ક્ષેત્રે પરિવર્તન દ્વારા વિકાસ સાધી શકાય તે વિષય પર વક્તવ્ય આપનાર)

## વિદુષી શ્રી દક્ષાબહેન પટ્ટણી વ્યાખ્યાનમાળા

**◈ ૧૯ જૂન, ૨૦૨૪, બુધવાર : સાંજના ૫-૩૦**

વિષય : દક્ષાબહેન પટ્ટણીના ગ્રંથોમાં પ્રગટ થતું ગાંધીચિંતન

વક્તા : શ્રી પીયૂષ પારાશર્ય

## પદ્મભૂષણ ડો. ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત એવોર્ડ

**◈ ૨૭ જૂન, ૨૦૨૪, ગુરુવાર : સાંજના ૫-૩૦**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા ગુજરાતમાં કલાના ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનારને દર વર્ષે 'પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ' અપાય છે. આ વર્ષે આ ઍવૉર્ડ જાણીતા ગાયક અને સ્વરકાર શ્રી અમર ભટ્ટને એનાયત કરવામાં આવશે.

'અમર ભટ્ટ : એક અનોખી તપાસ' સંગીત, કવિતા અને કાયદો

અર્ચન ત્રિવેદી, વિરાજ અમર તથા અન્ય

## આસ્વાદ

**◈ ૧૬ જૂન, ૨૦૨૪, રવિવાર : સવારે ૧૦-૦૦**

વિશ્વકોશભવનના શેઠ હઠીસિંહ કેસરીસિંહ સભાગૃહમાં 'મૃત્યુ, પરમ સખા' વિશે જાણીતા લેખક, પત્રકાર અને સમાજસેવક શ્રી રમેશ તન્ના વક્તવ્ય આપશે.

## રસિકલાલ છો. પરીખ વ્યાખ્યાનમાળા

**◈ ૬ જુલાઈ, ૨૦૨૪, શનિવાર : સાંજના ૫-૩૦**

વિષય : ગુજરાતી નાટકમાં ઉપસતી સ્ત્રીછબી

વક્તા : શ્રી મીનળ દવે

## શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્ર

ગુજરાતી વિશ્વકોશ દ્વારા એક નવું આયોજન ચાલે છે. દર રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યે વિશ્વકોશ દ્વારા આજનાં બાળકોને પસંદ પડે તેવું કથાવસ્તુ ધરાવતી વાર્તા પ્રસ્તુત થશે.

જૂન મહિનામાં બીજી જૂને 'રાજાના ફળનું રહસ્ય', ૧૬ જૂને 'એક હતો ભાભો' અને ૩૦ જૂને 'અંચનમંચન' વાર્તાનું લેખન અને રજૂઆત અલ્પા શાહ તથા ૯ જૂને 'નાનકડી રિયા' અને ૨૩ જૂને 'બે મિત્ર એક લોભી - બીજો ઈર્ષાળુ' વાર્તાનું લેખન અને રજૂઆત પ્રીતિ ચોક્સી કરશે.

આ ઉપરાંત દર રવિવારે વાર્તા સાથે એક બાળગીત રજૂ કરવામાં આવશે.

દર રવિવારે ૧૦.૩૦ વાગ્યે આ બાળવાર્તાઓ યૂટ્યૂબ ચૅનલ : Gujarat Vishvakosh Trust, ફેસબુક એકાઉન્ટ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને વૉટ્સએપ નં. ૯૮૯૮૦૪૨૬૯૯ પરથી રજૂ થશે.

## કુમારપાળ દેસાઈ વિશેના 'શબ્દ અને શ્રુત' ગ્રંથનો વિમોચન સમારોહ




ગૂર્જર પ્રકાશન દ્વારા અમદાવાદના જે.બી. ઑડિટોરિયમમાં ડૉ. કુમારપાળ દેસાઈના જીવન અને કાર્યનાં વિવિધ પાસાંઓ વર્ણવતા 'શબ્દ અને શ્રુત' નામના ગ્રંથનું વિમોચન કરવામાં આવ્યું. જેમાં એમના સાહિત્ય, શિક્ષણ, પત્રકારત્વ, સ્પોર્ટ્સ, ધર્મદર્શન તેમજ સંસ્થાકીય અને સેવાકીય કાર્યો વિશે વિવિધ વ્યક્તિઓના લેખોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. કાર્યક્રમના પ્રારંભમાં ગૂર્જર પ્રકાશનના મનુભાઈ શાહે એમની સાથેના બે પેઢી વચ્ચેના સંબંધની વાત કરી અને કહ્યું કે, અગાઉ ૨૦૦૪માં 'શબ્દ અને શ્રુત'ની પ્રથમ આવૃત્તિ એકાદ વર્ષમાં ખપી જતાં આ બીજી આવૃત્તિ પ્રગટ થાય છે. જેમાં એમના સમગ્રતયા જીવનને આવરી લેવામાં આવ્યું છે. ગ્રંથના સંપાદક બળવંત જાની અને પ્રવીણ દરજી, સુધીરભાઈ મહેતા (ટોરન્ટ ગ્રૂપના ચેરમૅન), ડૉ. સુધીર શાહ, પ્રવીણ ક. લહેરી, મકરંદ મહેતા, ડૉ. તેજસ પટેલ, રમજાન હસણિયા, અજય ઉમટ, સુભાષ બ્રહ્મભટ્ટ, જસુભાઈ કવિએ કુમારપાળ દેસાઈના વિવિધ ક્ષેત્રે પ્રદાનની વાત કરી હતી. કુમારપાળ દેસાઈએ પોતાનાં વિવિધ ક્ષેત્રના એટલે કે સાહિત્ય, ગુજરાતી ભાષા, સ્પોર્ટ્સ, વિશ્વકોશ, ધર્મદર્શનના ભાવિ કાર્યક્રમોની પોતાના સાત સ્વપ્નો રૂપે વાત કરી. પ્રા. અશ્વિન આણદાણીએ સમગ્ર કાર્યક્રમનું સુપેરે સંચાલન કર્યું. વિદ્વાનો, અધ્યાપકો, સંસ્થાના અગ્રણીઓ અને સહુ સાહિત્યરસિકો આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

દર માસની ૫મી તારીખે પ્રકાશિત ISSN 2321 6999

RNI No. GUJGUJ/1998/04459. postal Regd. No. GAMC-1375/2024-26 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2026. License to post without Prepayment No. PMG/NG/111/2024-2026. valid upto 31/12/2026. Posted at Ahd PSO On 5th every month.

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ
## ૨૦૨૪ના વિવિધ ઍવૉર્ડ અને પારિતોષિક

ફૉરેન્સિક સાયન્સના ક્ષેત્રે પ્રદાન કરવા માટે

ડૉ. જે. એમ. વ્યાસને

શિક્ષણવિદ શ્રી દાઉદભાઈ ઘાંચી શિક્ષણવિષયક ઍવૉર્ડ

સર્જક શ્રી મધુ રાય

શ્રી ચંદ્રવદન મહેતા નાટ્યલેખન ઍવૉર્ડ

### હવે પછી અપાનારા ઍવૉર્ડ

સ્વરકાર અને ગાયક શ્રી અમર ભટ્ટને

પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ

વંચિતોના સર્વતોમુખી વિકાસ માટે કાર્યરત શ્રી જીજ્ઞાબહેન દવેને

શ્રી મનસુખભાઈ મેદાણી સમાજ-ઉત્કર્ષ ઍવૉર્ડ

વિખ્યાત ચિત્રકાર શ્રી અર્પિતા સિંઘ

શ્રીમતી કુંદનબહેન અંબાલાલ કલા-ગૌરવ પુરસ્કાર

સંશોધક શ્રી રસિલાબહેન કડીઆ

આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી ચંદ્રક

સાહિત્યકાર શ્રી વર્ષાબહેન અડાલજા

ડૉ. હેમરાજ વી. શાહ પ્રેરિત કવિ નર્મદ સાહિત્યપ્રતિભા ઍવૉર્ડ

કૃષિ અને પર્યાવરણક્ષેત્રે પ્રદાન કરનાર શ્રી હીરજીભાઈ અને ગોદાવરીબહેન ભીંગરાડિયા

શ્રી ચીનુભાઈ આર. શાહ જીવનશિલ્પી ઍવૉર્ડ

અગ્રણી ચિત્રકાર શ્રી ઈન્દ્રપ્રમિત રૉય

ચિત્રકાર શ્રી પ્રફુલ્લ દવે કલાપ્રતિભા ઍવૉર્ડ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : ભગવતી ઑફસેટ, સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪